# માણસ કોણ છે?



પ્રતાપ જે. કોન્ટ્રાક્ટર

૭૧

3GM2

# માણસ કોણ છે?

## જાત તપાસ અને સ્વઓળખ

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

-: લેખક :-

પ્રતાપ જે. કોન્ટ્રાકટર

" વિશ્રામ વિલ્લા "

મિશન રોડ - નડિયાદ

**પ્રકાશક :**

**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સાસોયટી**

સાહિત્ય સેવા સદન,

એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬.

**પ્રથમ આવૃત્તિ :**

**પ્રત : ૧૧૦૦**

**કિંમત રૂા. ૧૦-૦૦**

**-: મુદ્રક :-**

**સ્ક્રીનડોટ પ્રિન્ટર્સ**

એ/૪, દિવ્યવસુંધરા કોમ્પલેક્ષ, મિરઝાપુર કોર્ટની સામે,

મિરઝાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.

ફોન : ૫૬૨૩૭૬૧

# બાઇબલ પાઠ

બાઇબલ એ એકમાત્ર પ્રભુદેવ પ્રેરિત અને માનવીને નેકીનીતિ તરફ વાળનાર અને પ્રેરનાર પુસ્તક છે. ૨ તીમોથી ૩:૧૬-૧૭ તે માનવીના વાસ્તવિક-નેકીનીતિના જીવન ઘડનાર પુસ્તક છે. યોહા. ૧૭:૧૭; રૂમી ૧૫:૪; ૨ પીત. ૧:૨૦-૨૧.

અયૂબ એક અતિ ધનાઢય-માનવંત તેમ જ નેકીવાન પુરુષ હતો. તેનું કુટુંબ પણ નેક નીતિમાન હતું - તે જુઓ શું કહે છે.

"માણસ કોણ માત્ર છે, કે તું (પ્રભુદેવ) તેને મોટો કરે, અને તું તેના પર મન લગાડે? અને તું દર સવારે એની ખબર લે, અને દર ક્ષણે તેની પરીક્ષા કરે?" અયૂબ ૭:૧૭-૧૮.

દાઉદ બચપણથી ગોવાળિયો-ઘેટાંપાળક હતો. વનવગડે ફરતાં તે કવિ અને ઇશ્વરભક્ત બન્યો. ત્યારે ભરજુવાનીમાં પ્રભુ દેવે તેને ઇસ્ત્રાએલનો રાજા બનાવ્યો. રાજવૈભવ અને માનમરતબા કરતાં તેને દેવની ભક્તિ વધારે વહાલી હતી...જુઓ,

"હે યહોવા, અમારા પ્રભુ, આખી પૃથ્વીમાં તારું નામ કેવું ઉત્તમ છે! તેં આકાશમાં પોતાનો મહિમા મૂક્યો છે.. તારા શત્રુઓને લીધે, તેં બાળકોને તથા ધાવણાંઓને મોઢે તારું બળ પ્રગટ કર્યું છે, કે શત્રુને તથા વૈરીને તું શાંત પાડે. આકાશો જે તારા હાથનાં કૃત્યો છે, અને ચંદ્ર તથા તારાઓ, જેઓને તે ઠરાવ્યા છે, તેઓ વિષે હું વિચાર કરું છું; ત્યારે હું કહું છું કે માણસ તે કોણ છે કે તું તેનું સ્મરણ કરે છે? અને મનુષ્યપુત્ર કોણ કે તું તેની મુલાકાત લે છે? કેમ કે તેં તેને દેવ કરતાં થોડો જ ઉતરતો સૃજ્યો છે. અને તું તેના પર ગૌરવ તથા માનનાં મુગટ મૂકે છે. તારા હાથનાં કામ પર તેં તેને અધિકાર આપ્યો છે. તેના પગ તળે તેં સઘળું મૂક્યું છે....એટલે સર્વ મેઢાં તથા ઢોર, હા, રાની પશુઓ પણ; આકાશનાં પક્ષીઓ, સમુદ્રનાં માછલાં, હા, સમુદ્રમાં જે કંઇ ચાલે છે, તે બધું તેં તેની

સત્તા નીચે મૂક્યું છે..હે યહોવા, અમારા પ્રભુ, આખી પૃથ્વીમાં તારું નામ કેવું ઉત્તમ છે! ગીતશાસ્ત્ર ૮:૧-૯.

સુલેમાન જે ચક્રવર્તિ મહારાજા હતો; પણ તે મહાજ્ઞાની અને નીતિમાન હતો, તેની શિખામણ જુઓ....

"દીકરાઓ, બાપની શિખામણ સાંભળો, અને બુદ્ધિ મેળવવાને ધ્યાન દો;....જ્ઞાન મેળવ, બુદ્ધિ સંપાદન કર; ભૂલીશ મા, અને મારા મુખના શબ્દ ભૂલીને આડે માર્ગે વળીશ મા; તેને તું ન તજ, એટલે તે તારું રક્ષણ કરશે; તેના પર પ્રીતિ કર, ને તે તને સંભાળશે... જ્ઞાન, એ જ મુખ્ય વસ્તુ છે; તેથી તે પ્રાપ્ત કર; અને તે તને ઉચ્ચ પદવીએ ચઢાવશે. તું તેને ભેટીશ, તો તે તને પ્રતિષ્ઠિત કરશે. તે તારા માથાને શોભાનો શણગાર પહેરાવશે. તે તને તેજસ્વી મૂગટ આપશે."

હે મારા દીકરા, મારી વાતો સાંભળીને સ્વીકાર; એટલે તારા આવરદાનાં વર્ષો ઘણાં થશે. મેં તને જ્ઞાનના માર્ગમાં કેળવ્યો છે; મેં તને પ્રામાણિકપણાને રસ્તે દોર્યો છે. જેથી તું ચાલશે, ત્યારે તારાં પગલાં સંકોચ પામશે નહિ; તું દોડશે ત્યારે તને ઠોકર વાગશે નહિ. શિખામણને મજબૂત પકડી રાખ; તેને છોડતો નહિ. તેને સંઘરી રાખ, કેમ કે તે તારું જીવન છે. નીતિ. ૪:૧-૧૩.

વાંચો...વિચારો...વાગોળો અને વર્તો...તેમ જ બીજાંઓને વહેંચો.....

# પ્રસ્તાવ

પ્રભુ પરમેશ્વર દેવે આખું જગત તથા બ્રહ્માંડ રચ્યાં અને બનાવ્યાં. સર્વમાં ગતિમાન જીવન મૂક્યાં. એ પ્રભુ દેવનું મહાત્મ્ય-જ્ઞાન અને ગૌરવ દર્શાવે છે. પરંતુ માનવી એ સર્વમાં સર્વશ્રેષ્ઠ-જ્ઞાન વર્ય અને પ્રભુ પરમેશ્વરનાં જ રૂપ અને સ્વભાવનાં બનાવ્યાં. એટલા માટે કે પ્રભુ દેવ માણસની સંગત સાધી શકે અને માનવી દેવની પ્રશંસાનાં ગુણગાન ગાતાં રહે. યશા. ૪૩:૫-૭,૨૧; કલોસી ૧:૨૭ માનવીની આ પ્રથમ ફરજ અને કર્તવ્ય છે. તે પછી જ માનવીએ આખી પૃથ્વી તથા તેમાંનાં સર્વસ્વ પર અમલ ચલાવવાનો છે. ઉત્પ. ૧:૨૮.

આ બન્ને ફરજો અનુક્રમે બજાવવા પ્રત્યેક માનવી માત્રને સજાગ અને સાવધ રહેવાની આવશ્યક ફરજ અને કાર્યવાહી બની રહે છે. પ્રભુ દેવ પોતે પોતાની ફરજો અને કાર્યવાહીમાં પરિપૂર્ણ સંપૂર્ણ છે. તે કદી ભૂલ કે ચૂક કરતો જ નથી. ત્યારે માનવીની પણ ફરજ અને કાર્યવાહી દેવના જેવી અને સુસંગત બની રહેવી આવશ્યક છે.

પ્રભુદેવ બાપ છે; અને પ્રત્યેક માનવી માત્ર તેની કૃતિ, તેનાં સંતાન છે. સંતાનમાં અને તેમના દ્વારા બાપ દૈદિપ્યમાન બને કેટલું અગત્યનું છે. એ માટે દેવનાં સંતાનો તરીકે પ્રત્યેક માનવમાત્રએ સજાગ-સાવધ રહી, પોતાની જાતને ઓળખવી - જાણવી - તપાસવી, અગત્યની છે.

હું કોણ છું? એ વીગતવાર હું ના જાણું તો હું કશું જ નથી. હું માત્ર વિનાશના પંથે પગલાં ગણ્યા કરું છું. પરંતુ ત્યારે એ યાદ કરીએ કે પ્રભુદેવનું દિલ-મન કેટલું દ્રવે છે. તે પ્રતિદિન તમને અને મને બોલાવે છે. પાછાં વાળે છે. પ્રકટી. ૩:૨૦; ગી.ગીત ૫:૨ ભટકેલાં પાછાં વળે એ કેવો મહાન અને અમાપ આનંદ ગણાય!

**પ્રતાપ જે. કોન્ટ્રાક્ટર**

# આવકાર

શ્રી પ્રતાપભાઈ કોન્ટ્રાક્ટર આપણા એક પીઢ અને વિદ્રાન વિચારક છે. તે દરેક વિષયને બાઈબલનાં દૃષ્ટિબિન્દુઓથી નિહાળે છે અને સર્વાંગી રીતે વિચારે છે.

આખા પુસ્તકના કેન્દ્રમાં માણસ છે, જેના ઉપર પ્રભુઈશ્વર અદ્‌ભુત પ્રેમ કરે છે. એટલો બધો પ્રેમ રાખે છે કે તે આ માણસ માટે પોતાના એકનાએક દીકરાનું બલિદાન આપતાં ને અપાવતાં અચકાતા નથી. ઈસુ ખ્રિસ્તનો વધસ્તંભ અને તેમણે માણસ માટે આપેલું બલિદાન એ બાઈબલના કેન્દ્રમાં છે.

આ વિષયને જુદી જુદી રીતે નિરૂપતા લેખો આ પુસ્તકને રમણીય અને વિચારણીય બનાવે છે. લેખકની શૈલી એવી છે કે તે આપણને પકડી રાખે છે.

'બાઈબલ આધારિત વિષયો ઉપર પોતાના સ્વતંત્ર વિચારો રજૂ કરતા આ મૌલિક અને પ્રેરક ગ્રંથને આવકારતાં આનંદ થાય તે સ્વાભાવિક છે. આ પુસ્તકના પ્રકાશન માટે આ લેખકે પોતે દાન આપ્યું છે, જેની આભારસહિત નોંધ લઈએ છીએ. લેખક પાસેથી આવાં અને આથી વધુ માનનીય ગ્રંથો મળી રહે તે જ એક પ્રાર્થના.

**ભગવતપ્રસાદ ચૌહાણ**

**સેક્રેટરી**

# અનુક્રમ


૧. ઉત્પત્તિ ............................ ૧

૨. માનવી પતન ........................ ૭

૩. શેતાન કોણ છે? ..................... ૯

૪. માનવી ધ્યેય-ધર્મ-ફરજ ................ ૧૨

૫. માનવી તારણની યોજનાઓ ........... ૧૫

૬. માનવી વય મર્યાદા..................... ૧૮

૭. માણસ કોણ છે? ..................... ૨૧

૮. જીવન સરવૈયું ........................ ૨૭

૯. જીવન ઉત્કર્ષ શામાં? .................. ૩૨

૧૦. માનવીનાં પ્રાથમિક કર્તવ્ય ............. ૩૬

૧૧. નિર્ણયાત્મક જીવન અને પરિપકવતા..... ૪૧

૧૨. કૌટુંબિક યોજના અને વ્યવહાર ......... ૪૫

૧૩. ખ્રિસ્ત ઈસુનું પુનરાગમન ............... ૫૧

# ૧. ઉત્પત્તિ

આદિએ દેવે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યાં. ઉત્પ. ૧:૧. આ ઉત્પત્તિ અને સર્જનના ક્રમને જાણવા - વિચારવા અને સમજવા વાંચો બાઇબલના પુસ્તકમાં ઉત્પત્તિ અધ્યાય ૧અને૨.

સમગ્ર સૃષ્ટિના સર્જનમાં માનવીની ઉત્પત્તિ સૌથી છેલ્લી છે, પણ સર્વશ્રેષ્ઠ-સર્વોત્તમ છે. જગતમાંની સઘળી વસ્તુઓ, સર્વ લીલોતરી, ઝાડપાન, પશુ-પક્ષી, જીવ-જંતુ, દેવે પોતાના વિચાર અને યોજના પ્રમાણે બનાવ્યાં અને પોતાના મુખના શબ્દથી ઉત્પન્ન કર્યાં; અને તેઓ સર્વ અસ્તિત્વમાં આવ્યાં. પરંતુ માનવીની ઉત્પત્તિ દેવે પોતે પોતાના હાથો વડે, પોતાના જ સ્વરૂપ અને પ્રતિમા પ્રમાણે ઘડી અને બનાવી. વળી માટીના એ ઘાટમાં પ્રભુ દેવે પોતાનો જ શ્વાસ ફૂંકી માનવીને સજીવ બનાવ્યું. પ્રભુ દેવનો જે ઘાટ-પ્રતિમા હતાં તે મુજબ જ અને તેને દેવના પોતાના સ્વરૂપ એટલે કે અંદરનું રૂપ-સ્વભાવ, વિચાર-વાણી-વર્તન, માનવી ખોળીયામાં અંકિત કર્યાં. એટલા માટે કે પ્રભુ દેવ પોતે માનવીની સંગત અને સોબતમાં રહે.

દેવની ઉત્પન્ન કરેલી સમગ્ર સૃષ્ટિનો સમાવેશ દેવે એદનવાડી એટલે કે આનંદવાડીમાં કર્યો. પ્રથમ પુરુષ અને સ્ત્રી, આદમ-હવાને એ આનંદવાડીમાં રાખ્યાં અને સર્વોપરી ઠરાવ્યાં. અહીં આખી એદન-આનંદવાડીમાં કોઇ જ પ્રકારનો ઉપદ્રવ કે કશું જ કોઇને પણ અણગમતું થતું જ નહિ. કેવળ પ્રભુ પરમેશ્વર - દેવનો જ પ્રેમ અને આણ પ્રવર્તતાં હતાં. આ તો દૈવી યોજના અને તેના મનોરથનો ક્રમ અને કાર્યવાહી હતાં.

પરંતુ હવે જ્યારે પ્રભુ દેવે માનવીને જ્ઞાન-ડહાપણ આપ્યાં, સાથે આખા જગત ઉપર અમલ ચલાવવા અને સર્વને પોતાના અંકુશમાં રાખવા સર્વ સત્તા અને શક્તિ આપ્યાં. ઉત્પ. ૧:૨૮; ત્યારે દેવનાં સ્થાપેલાં પ્રેમ-આનંદ-શાંતિ અને સહનશીલતા ક્યાં સુધી અને કેટલા પ્રમાણમાં ટકી રહેશે? એ એક અગત્યની બાબત હતી. વળી એટલા માટે જ દેવે, આદમ-હવા સમક્ષ તેમની આધિનતા અને

પ્રામાણિકતા જોવા અને જાણવા દેવે તેમને એક જ માત્ર આજ્ઞા આપી; કે એદન વાડીનાં હરેક વૃક્ષનાં ફળ તમે ખાઓ; પણ વાડીની વચ્ચેના ઝાડનું ફળ તમારે ખાવું નહિ. ઉત્પ. ૨:૧૬-૧૭.

આ માનવી જીવનની કસોટી-પરીક્ષા હતી. માનવી જીવનના સઘળા વ્યવહારમાં કસોટીની જરૂર છે. કસોટી-પરીક્ષાની અગત્ય છે. પરંતુ એ કસોટી-પરીક્ષામાં નાસીપાસ થવું અગર હારી જવું એ બહુ ખરાબ છે. એ પ્રભુદેવની ઈચ્છા અને મરજી પ્રમાણે નથી. જયારે કસોટીઓમાં જીતનાર દૈવી શાબાશી અને માન ગૌરવનો મુગટ પામે છે.

માનવી જીવનનો હેતુ અને સાર એ જ છે, કે તે દેવ પ્રભુ ઈસુ ખ્રિસ્ત તરફ મીટ માંડીને તેના જ દોરવાયા પ્રમાણે દોરાવું અને જીવવું....

ત્યારે મોટો સવાલ એ થાય છે, કે પ્રભુ પરમેશ્વર કોણ!

જગત તથા તેમાંનાં સર્વસ્વનો ઉત્પન્ન કરનાર અને નિભાવનાર તે પ્રભુ દેવ છે. તે સર્વજ્ઞાની-સર્વવ્યાપી-સર્વકાળિક-સર્વશક્તિમાન અને અનાદિઅનંત પ્રભુ છે. તે સર્વમાં સર્વ છે..... માનવી એ પ્રભુ પરમેશ્વરની સર્વશ્રેષ્ઠ કૃતિ છે. તેને પ્રભુ દેવે પોતાનાં જ સ્વરૂપ અને પ્રતિમા આપ્યાં છે, જેથી તે પ્રભુ દેવની સતત સંગતમાં રહી; તેની દોરવણી અને દૂરદષ્ટિથી આખા જગતનો ઉપભોગ કરે અને તે પર અમલ ચલાવે, આ દેવ અને માનવજાત વચ્ચેનો સમન્વય હતો. પરંતુ પ્રથમ માનવ સ્ત્રી પુરુષે દેવની આપેલી આજ્ઞાનો ભંગ કરી; દેવથી વેગળાં થયાં. પ્રભુ પરમેશ્વર-દેવથી દૂર દૂર સંતાવા લાગ્યાં. પાપની પરંપરામાં માનવી પ્રભુ દેવને ભૂલતાં ગયાં તેમ દેવનાં સ્વરૂપ ઓસરતાં ભૂંસાતા ગયાં. પાપની વિકૃતિએ માનવીને દેવથી દૂર ઘસડી જઇ, દેવથી અજાણ અને અજ્ઞાન બનાવ્યાં. ઘેટાં પાળક વિનાનાં રખડતાં-રઝળતાં ઘેટાં જેવાં બનાવ્યાં. માનવી પોતાના મનમાં મોજી બન્યાં, અને જગતના ઉપભોગમાં ખોવાઇ ગયાં....પરંતુ પ્રત્યેક માનવી માત્રને પોતાના

મનોમન કંઇક ખાલીપણું અનુભવાતું રહ્યું. જગતની જાહોજલાલી ભરભરાટી અને આનંદ પ્રમોદથી ઘેરાયેલું માનવી કોઇ એકાદ એકાંતની પળે, જરૂર, પોતાની ઉણપ-ખાલીપણું અનુભવ્યા વિના રહેતું નથી જ. એ ગેબી ઉણપ તે તેના અંતર આત્માના ખાલીપણાની છે. જગતનાં જીવ-જનાવર અને સર્વસૃષ્ઠ વાનાં આ અનુભવ કરતાં નથી; તેમ કરી શકતાં પણ નથી. કારણ તેઓ સર્વને માત્ર શરીર અને જીવ એમ બે જ છે. જ્યારે માનવીની રચનામાં જ તેને શરીર, પ્રાણ અને આત્મા એમ ત્રણ વાનાં અપાયાં છે. આત્મા એ દેવની સંગત અને સમક્ષતા માણવા-અનુભવવા સારુ છે.

ભૌતિક ભરભરાટી માનવી માટે ઉપરછલ્લી અને ક્ષણિક છે. પણ દૈવી સંગત માનવીને અમરત્વ અપાવી, દેવ જેવાં બનાવે છે. એ સાચું મનુષ્યત્વ છે. એ જ માનવી માત્ર માટે ધ્યેય છે. એ પ્રાપ્તિ માટે જ અને પ્રાપ્તિ પછી એમાં જ અને એની જ સંઘાતે જગતનું જીવન પૂરું કરવું, એ જ માનવીનું કર્તવ્ય અને ધ્યેય છે. દેવની સંગતમાં રહી, તેનાં ગુણગાન ગાતાં પ્રભુ દેવને મોટો-મહિમાવાન ગણાવે. યશા. ૪૩:૨૧. કલોસી ૧:૨૭.

ત્યારે કોઇપણ ચીજ-વસ્તુ કે વ્યક્તિની પ્રસંશા-વખાણ તે તેની જાણકારી અને અંગત ઓળખ વગર થઇ શકે નહિ અગર કરી શકાય પણ નહિ.....માનવી તેના ઊંડા અંતરે-આત્મામાં દેવને શોધે-ઝંખે છે. કારણ દેવ પોતે આત્મા છે. યોહા. ૪:૨૪, માટે જ એ પ્રભુ દેવના પવિત્ર આત્મા સાથે અને તેનામાં ભળી જઇ ઓતપ્રોત અને એકાકાર બની ના જાય ત્યાં સુધી માનવી અધૂરું અપૂર્ણ રહે છે. માનવી જીવનનું સાચું ધ્યેય પણ એ જ એકમાત્ર છે, કે 'ખ્રિસ્ત તમારામાં મહિમાની આશા' કલોસી. ૧:૨૭.

પ્રભુ દેવ, પરમેશ્વર આત્મા છે. તે સાથે તે ચોક્કસ વ્યક્તિ પણ છે. તેથી જ તે બોલે છે-પ્રેમ કરે છે-તે કાર્યો કરે છે-તે પ્રત્યક્ષ દર્શન આપે છે. માનવી સાથે સહવાસ કરે છે. માનવીનાં કાર્યો-વાત-વિચારમાં તે સાથે રહીને દોરવણી આપે છે, જે માનવી પોતે પણ પ્રત્યક્ષ અનુભવે છે.

પ્રભુ દેવ આત્મા છે. તે વ્યક્તિ છે. સાથે તે ન્યાયી અને પવિત્ર છે. આખા બાઈબલમાં શરૂઆતથી અંત સુધી આપણે પ્રભુ દેવને એ રીત અને એ પ્રકારે જોઈએ છીએ. આપણો વ્યક્તિગત-અંગત અનુભવ પણ એ અને એવો જ હોય એ આવશ્યક અને દેવની ઈચ્છા મૂજબ છે. એ પ્રભુ પરમેશ્વરની દોરવણી અને આજ્ઞા છે કે "હું પવિત્ર છું, માટે તમે પણ પવિત્ર થાઓ" ૧પીત. ૧:૧૬ લેવી ૧૯:૨; ગીત. ૧૪૫:૧૭; યશા. ૬:૩ પ્રભુ પરમેશ્વરની આ કેવી અગાધ કૃપા અને માનવજાત ઉપરનો પ્રેમ, કે અતિ પવિત્ર પ્રભુ તે અતિશય ઘેરા પાપના કીચડમાં ડૂબેલા માનવીને તે પવિત્ર બનવાનું આહવાન આપે છે. એથી વિશેષ તે પોતે બલિદાન આપે.

વળી પ્રભુ દેવ તે બંધિયાર નથી. પણ તે સર્વવ્યાપક છે. ૨ કાળ. ૧૬:૯.

તે પ્રતિપળ અને હરહંમેશ આખી પૃથ્વીનું નિરીક્ષણ કર્યા કરે છે. ગીત. ૧૪:૨; ૧૩૯:૧-૧૨; નીતિ. ૧૫:૩; માલાખી ૩:૧૬ આ માનવ જાત પ્રત્યેનો પ્રભુનો પ્રેમ અને સહાનુભૂતિ દર્શાવે છે. સર્વવ્યાપી પ્રભુ દેવ, માણસજાતને પણ પોતાના જેવાં સર્વવ્યાપક-સાર્વત્રિક બનાવવા માગે છે, ઈચ્છે છે. ત્યારે આવા પ્રભુ પરમેશ્વરને પ્રાપ્ત કરવા માણસજાતે પોતાના જીવનનું સંપૂર્ણ સ્વાર્પણ કરી દેવું એ કેટલું વિશેષ આવશ્યક અને અગત્યનું છે.

પ્રભુ દેવ સર્વજ્ઞાની છે. પ્રભુ પરમેશ્વરે જે સૃષ્ટિ અને જગત બનાવ્યાં; એ જ એના વિશાળ અને અગાધ જ્ઞાનના તાદશ નમૂનારૂપ છે. બ્રહ્માંડ-આકાશ-અવકાશ-પૃથ્વી અને પાતાળ તથા તેમાંનાં સર્વસ્વ વાનાં પણ કેવાં હેરત પમાડનારાં અગમ્ય છે! તેથી જ કોઈ એક કવિએ ઠીક ગાયું છે, કે...

"સાગર તેરી શાન દિખાવે, પર્વત તેરા રૂપ,
ફૂલમે તેરી ખુશ્બુ આવે, તુ હે મેરા પૂજન કા પ્રભુ"...

સૃષ્ટિની અદ્‌ભુત વિવિધતા અને તેની ગહનતા એ જ પ્રભુ

પરમેશ્વરના જ્ઞાનની સાક્ષી પૂરે છે. તે તો અંતરયામી પ્રભુ છે. તે માનવીના વિચારો સુદ્ધાંય અગાઉથી જાણે છે. અયૂબ ૩૪:૨૧.

જગત અને માનવજાતનો પ્રભુ તે સર્વશક્તિમાન દેવ છે. તેની શક્તિ અને પરાક્રમનો પાર પામી શકાય નહિ. ગીત. ૧૦૭:૨૫,૨૯. માથ્થી ૧૯:૨૬; માર્ક ૧૦:૨૭; એફેસી ૩:૨૦-૨૧; પ્રકટી. ૧૯:૬.

તે માંદાને માત્ર શબ્દથી સાજાં કરે છે. આંધળાંની આંખો માત્ર સ્પર્શથી ઉઘાડે છે. આડત્રીસ વર્ષથી બીમાર પડી રહેલાને હુકમથી સાજો કરી, નાચતો, કૂદતો ઘેર મોકલે છે. મરેલાંને જીવતાં કરે છે.

માત્ર પાંચ રોટલી અને બે માછલી જેટલા ખોરાકથી ૫૦૦૦ પુખ્ત વયના પુરુષો-સ્ત્રીઓ તથા બાળકો જુદાં--એમ બધાં મળીને ગણતાં બારથી પંદર હજારને જમાડ્યાં. તે પોતે પણ મરણમાંથી સ્વયં જીવીત થઈને પૂરી ખાત્રી કરાવ્યા પછી આકાશમાં ચઢી ગયા...કેવી અદભુત -અગમ્ય-અકલ્પીત શક્તિ!

પરંતુ જગતમાં પાપના પ્રવેશથી માનવી મૂંઝાતું-મૂરઝાતું બેબાકળું બન્યું. દેવથી વિમૂખ અને આઘાં સંતાતા લપાતાં રહેવા લાગ્યાં; એ કારણે તેઓ દિનપ્રતિદિન પ્રભુ પરમેશ્વરને ભૂલતાં ગયાં, વળી શેતાન જે પાપનો ઉત્પાદક અને પોષક તેણે માનવીનાં મન એવાં બહેકાવ્યાં કે તે માનવજાતનો દેવ બની બેઠો. ૨ કરિંથી ૪:૪ વળી લોકોએ પોતાના મનગમતા દેવ-દેવીઓ બનાવી તેમની પૂજા-આરાધના કરવા લાગ્યાં. ન્યાયા. ૨:૧૨; પ્રેરિ. ૧૭:૧૮ આ પરિસ્થિતિના કારણે માનવજાત કમજોર બની; અનેક માંદગીથી પીડાતી પોતાના મોત-મરણની વાટ જોતી થઈ. વળી મન મૂંઝવતો મોટો કોયડો-પ્રશ્ન આડો આવી રહ્યો, કે સાચો પ્રભુ દેવ કોણ! કોણ માનવીનું કલ્યાણ કરી શકે? માનવીનો ઉદ્ધાર કરનાર કોણ? આવી ભૂલભૂલામણીમાં અટવાતું માનવી ઉજ્જડ અરણ્યમાં ખોવાઈ ગયું.

પરંતુ સાચો દેવ-પ્રભુ માનવીને વીસરી ગયો નહિ. દેવે માનવજાતને પાછાં ફેરવવા વારંવાર તકો અને યોજનાઓ આપી;

છતાં માનવી તો હીણું અને હારેલું જ રહ્યું. ત્યારે માનવજાત માટે દેવે આખરી અને છેલ્લી યોજના કરી કે, તેણે પોતાના એકાકી દીકરા તરીકે ઈસુ ખ્રિસ્તને આ જગતમાં મોકલ્યો; કે તે માનવજાતને જીવનની વાસ્તવિકતા શીખવે; તેમ જ તાદશ જીવન જીવી બતાવે. એથી વિશેષ તેણે-ઈસુ ખ્રિસ્તે માનવજાતનાં પાપની ખંડણી રૂપે પોતાના પવિત્ર અને નિષ્કલંક જીવનનું વધસ્તંભ પર બલિદાન આપીને માનવી માટે જીવનનો ઉજળો માર્ગ ખોલ્યો. ઈસુ ખ્રિસ્ત માનવજાતનો એકમાત્ર પ્રભુ અને તારનાર-ઉદ્ધારનાર બન્યો.

ઘણા કહેવાતા અને ગણાવાતા દેવ-દેવીઓ આ જગતમાં સારું જીવન જીવ્યાં-પાઠ શીખવ્યાં. પરંતુ તેમના સમય પ્રમાણે તેઓ પાપના મૂસારા મરણને આધિન થયાં. જ્યારે ઈસુ ખ્રિસ્ત એક જ એવો હતો કે જે મૃત્યુ પામ્યો; પણ ત્રીજે દિવસે તે સ્વયં જીવીત થઈને કબરમાંથી બહાર આવ્યો. ચાળીસ દિવસ સુધી આ પૃથ્વી પર રહીને અનેકોને દર્શન આપી ખાત્રી કરાવી. તે પછી તે પોતે સહુના દેખતાં સ્વર્ગારોહણ થયો.... ત્યારે આ જોનારાંઓને આકાશના દૂતોએ ખાત્રી કરાવી કે એ જ ઈસુ પોતાનાં અનુયાયી લોકોને લેવા અને અનંત સ્વર્ગીધામમાં લઈ જવા એક દિવસ જરૂર પાછો આવશે જ આવશે. આ ઈસુ ખ્રિસ્ત એ જ એક માત્ર સાચો પ્રભુ અને દેવ છે. જેઓ તેનાં અનુયાયીઓ અને શિષ્યો છે, તેઓને ધન્ય છે.

પ્રભુ ઈસુ ખ્રિસ્તને પૂરેપૂરો ઓળખી-અનુભવી અને પછી તેનો સ્વીકાર કરવાની ભાવના કે ખેવનાં રાખશો નહિ. ઈસુ ખ્રિસ્તને તમારા અંગત તારનાર અને પ્રભુ તરીકે વિશ્વાસથી ગ્રહણ કરી લો. તે પછી જ ઈસુ ખ્રિસ્ત પોતે જ તમારી સાથે અને તમારામાં રહીને તમને બધું જ શીખવશે અને દોરશે....જુઓ તમારી આસપાસ પ્રભુ ઈસુના સેવકો અને શાહેદોની મોટી વાદળારૂપી ભીડ છે. તેમની સંગતમાં રહેવાથી તમને નવી પ્રેરણા-સાથ અને શક્તિ મળશે. હેબ્રી ૧૨:૧૪.

## ૨ માનવી પતન

આજ્ઞા દીપક છે. તેમાં પ્રકાશ, માર્ગદર્શન અને પ્રેરણા છે. જ્યારે અજ્ઞાની કે અવગણના કરનાર તે હોલવાએલો દીવો છે. તે અંધકારમાં અસ્થિરતા અનુભવે છે. અસ્થિરતા તે એકલવાયાપણું સર્જે છે. એકલતા, ભ્રમણાનું મેદાન બને છે. શેતાન એ મેદાનનો સંચાલક અને દોરનાર છે.

એદનવાડીમાં હવાનું એકલવાયાપણું, શેતાન માટે ભ્રમણાનું મોકળું મેદાન બન્યું. તે પણ જ્યારે હવા એદનવાડીની વચ્ચે દેવે મના કરેલા ઝાડની નજીક હતી; ત્યારે શેતાને હવાના મનમાં ભ્રમ પેદા કર્યો કે વાડીનાં હરેક વૃક્ષનાં ફળ તમારે ના ખાવાં? વળી શેતાને વિશેષ લાલચ બતાવી કે મના કરેલું ફળ ખાશો તો તમે દેવના જેવાં બની જશો અને સર્વ ભલું-ભૂંડું જાણનારાં થશો. એમ શેતાને પ્રભુ દેવને પણ સ્વાર્થી ઠરાવ્યો.

માનવી માત્રને પોતાની તરક્કી-ઉન્નતિ ગમે છે. તેથી હવાને શેતાનની વાત ગમી. તેણે મના કરાએલા ઝાડના ફળ તરફ વધારે ધ્યાન ધર્યું. તેમ ફળનાં સ્વાદ-સુગંધ મહેક્યાં. વધારે સુંદર અને જ્ઞાન પમાડનાર દેખાયાં. તેથી હવાએ આજ્ઞા ભંગ કરીને પણ મના કરાએલું ફળ તોડીને ખાધું; વળી જઈને પોતાના વર આદમને પણ ખવડાવ્યું.

આજ્ઞા ભંગ એ પાપ-ગુન્હો છે. પાપ એ પતન છે. પાપનો મૂસારો મરણ છે, રૂમી ૬:૨૩. અલ્પ આયુષ્યનો વિચાર માત્ર માનવીને સઘળાં સુખ-આનંદ પ્રમોદ તરફ વાળે છે. વળી તેના પ્રકાર કે રીતનો માનવીને વિચાર આવતો નથી. કારણ પાપના કારણે માનવીની વિચારસરણી હણાતી મૃતપ્રાય બની જાય છે. વળી તેની જગ્યાએ સ્વાર્થ-વેરઝેર, અન્યને દોષિત ઠરાવવાં અને પતનના માર્ગે દોરવામાં આનંદ માનવો એ ક્રમ અને પ્રવૃત્તિ બન્યાં. ત્યારે હવે એદનવાડીનાં સર્વ જીવ-જનાવર, પશુ-પક્ષી, સર્વમાં હલચલ મચી ગઈ. નાસ ભાગ અને હિંસકતા દેખાવા માંડી. આદમ-હવાની

શારીરિક નગ્નતા ખુલ્લી દેખાવા માંડી. તેથી તેઓએ પણ નાસ ભાગ કરી, પોતાની જાતને ઝાડવાના ઝૂંડમાં સંતાડવા મથામણ કરી. અંજીરીનાં પાંદડાંથી પોતાની નગ્નતા ઢાંકવા પ્રયત્નો કર્યા. પરંતુ અંજીરીનાં પાંદડાંની નાજુકતા તેમને ઢાંકી શકી નહિ જ.

ત્યારે પ્રભુ દેવ પણ પોતાનાં બનાવેલાં અને પોતાના જેવાં તે માનવ આદમ-હવાને ભૂલ્યો કે તરછોડયાં નહિ. બલ્કે પોતાના અગાધ પ્રેમના કારણે અને માનવીની મદદ કરવા, તેમ જ તેમને વ્યવહારમાં રાખવા, દેવે હલવાનનાં વધ-બલિદાન કરી, તેમનાં ચામડાનાં વસ્ત્રો બનાવી, આદમ-હવાને પહેરાવ્યાં, અને પાછાં વ્યવહારમાં વાળ્યાં. માણસ જાત માટે દેવનો આ કેવો મહાન અને અગાધ પ્રેમ અને અતૂટ દૈવી વ્યવહાર હતો! પ્રભુ દેવ અતિશય દયાળુ તથા કૃપાળુ પ્રભુ છે. તે કોપ કરવામાં ધીમો પણ કૃપા કરવાને અતિ ઉતાવળો દેવ છે.

પરંતુ આ મના કરાએલા વૃક્ષનું ફળ ખાવાથી હવે આદમ-હવા એક બીજાના દોષ જોવા અને જવાબદાર ગણવાને એકબીજાને દોષિત ઠરાવવા લાગ્યાં. ઉત્પ. ૩:૧૨-૧૩. આવા સ્વભાવ બંધાવાના કારણે કોઇ પણ માણસ અબાલ-વૃદ્ધને પોતાની ભૂલ કબૂલ કરવાની ગમતી જ નથી. બલ્કે એ ભૂલ બીજાંને માથે જ ઢોળાય છેં. વળી પોતાને નિર્દોષ માની એ જ ભૂલોની ગર્તામાં માનવી રમ્યા કરે છે. જેમ કૂતરું પોતાની ઓક તરફ અને ધોવાએલી ભૂંડણ કાદવમાં આળોટવાનો આનંદ માણે તેમ. વળી શેતાન પણ માનવીને પોતાની જાળમાં ફસાએલાં રાખવા, રાત દહાડો મંડયો જ રહે છે. તે બહુરૂપી છે.

# ૩. શેતાન કોણ છે?

યશા. ૧૪; હઝ. ૨૮:૧૧-૧૯; પ્રકટી. ૧૨:૭-૯

આદિ અનાદિ-પુરાતન કાળોની શરૂઆતમાં પ્રભુ-દેવ પરમેશ્વરે આકાશ તથા પૃથ્વી બનાવ્યાં. ઉત્પ. ૧:૧. ત્યારે આકાશ દેવનાં ગૌરવથી દૈદિપ્યમાન ઝળહળતું હતું. પ્રભુ પરમેશ્વરની પોતાની હાજરી તેમ જ અસંખ્ય દૂતોની હાજરીથી ભરપૂર હતું. દૂતો તેઓ આત્મા છે; તેઓ જાતિ વિનાના છે. તે પ્રભુ દેવની સેવા કરવા સારુ હતા. તેથી તેઓ જયારે અને જેવી જરૂર પડે તેવાં રૂપ અને ઘાટ ગ્રહણ કરી શકતા. આ સર્વ અસંખ્ય દૂતોમાં ત્રણ મુખ્ય દૂતો હતા. તેઓ પ્રભુ પરમેશ્વરની સાથે અને સંગતમાં જ પ્રતિ પળ રહેતા.

લ્યુસીફર, જેનો અર્થ દિવસનો તારો; તે બહુ દૈદિપ્યમાન અને સર્વાંગ સુંદર હતો. તે હંમેશા અને પ્રતિપળ પ્રભુ પરમેશ્વરની સાથે અને સંગતમાં જ રહેનાર મુખ્ય દૂત હતો.

ગાબ્રિએલ, એ પ્રભુ દેવનો અંગત અને વ્યવહારિક સંદેશવાહક મુખ્ય દૂત હતો.

મિખાએલ, એ સર્વનું રક્ષણ કરનાર મુખ્ય દૂત હતો.

આ ત્રણે દૂતો બીજા બધા દૂતો ઉપર આણ અને હકૂમત ચલાવતા, પ્રમુખ દૂતો ગણાતા હતા. સઘળા દૂતો તેમની આણ સ્વીકારતા અને આધિન રહેતા.

એક દિવસ લ્યુસીફર જે હરહંમેશ, પ્રતિપળ અને સર્વકાર્યમાં પ્રભુ પરમેશ્વરની સાથે અને સંઘાતે જ રહેનાર, તેનાં મનમાં અભિલાષા અને ગર્વના કોડ જાગ્યા. તેને પ્રભુ પરમેશ્વર સમાન અને પ્રભુ જ બનવા અને કહેવડાવવા-ગણાવવા મન તાલાવેલી જાગી. તેણે પોતાના પક્ષના સાથી દૂતોને ભરમાવી પોતાના પક્ષના અને તરફેણના બનાવ્યાં. એમ તેણે દેવ સાથે અને સામે બંડ-બળવો પોકાર્યો. આકાશમાં હલચલ અને ખળભળાટ મચ્યાં. આ લ્યુસીફર

અને તેના સાથી દૂતો સામે મિખાએલ અને અન્ય દૂતોએ લડાઈ શરૂ કરી. મિખાએલે લ્યુસીફરને હરાવ્યો અને દેવની ઈચ્છા અને આજ્ઞા અનુસાર લ્યુસીફર તથા તેના સાથી દૂતોને દેવની હજૂરમાંથી અને આકાશમાંથી હડસેલી નીચે પૃથ્વી પર ફેંકી દેવાયા. કારણ તે વેળા પૃથ્વી ખાલી હતી. તેમાં કશી ઉત્પત્તિ હતી નહિ; કેવળ પૃથ્વી-જમીન-જળનીધિ હતા. તેમ જ સર્વત્ર અંધકાર હતો.

દૂતો આત્મા હતા તેથી તેઓ અમર હતા. તેથી તેમનો નાશ કરાય નહિ માટે તેમને પૃથ્વી પરના અંધકારમાં ફેંકી દેવાયા. આ આત્માઓ દુષ્ટાત્મા બન્યાં; અને લ્યુસીફર તેમના આગેવાન તરીકે શેતાન બન્યો. આ દુષ્ટાત્માઓ એ જ ભૂત-પ્રેત અને અશુદ્ધ આત્માઓ છે.

અવ્યવસ્થા, અસ્તવ્યસ્તપણું અને અંધકાર એ શેતાનના ગમતા ગુણ અને કાર્યવાહી છે. પરંતુ પ્રભુ પરમેશ્વરને તો વ્યવસ્થા-સુઘડતા અને પ્રકાશ ગમે છે. તેનો જ એ પ્રણેતા અને ઉત્પાદક છે. તેથી અસ્તવ્યસ્ત અને ખાલી પૃથ્વીને દેવે પોતાની મનગમતી યોજના અને વ્યવસ્થા પ્રમાણે ભરપૂર કરી.

તેણે પ્રથમ અજવાળાથી શરૂઆત કરી અને તે પછી ક્રમશ દેવે ભૂમિ અને પાણીને જુદાં પાડયાં. ભૂમિને વધારે રળિયામણિ બનાવવા અનેક પ્રકારનાં ઝાડ તેમ જ લીલોતરી દેવે માત્ર પોતાના શબ્દથી ઉગાડયાં અને ભૂમિને આનંદમય બનાવી. તે પછી અંતરિક્ષમાં જયોતિઓ પ્રગટાવી દૈદિપ્યમાન કરી. હવે દેવે પાણીમાં અનેકવિધ જળચર પ્રાણી ઉત્પન્ન કર્યાં. તેમ જ વનચર-ખેચર અને અંતરિક્ષમાં ઉડતાં પક્ષીઓ અને વિવિધ જનાવર-પ્રાણી પણ બનાવ્યાં.

વળી છેલ્લે આખી પૃથ્વીનો ભોગવટો કરવા, તેમ જ તે સર્વ ઉપર અમલ ચલાવવા દેવે માણસને બનાવ્યાં. આ માનવજાતને દેવે પોતાનાં જ સ્વરૂપ અને પ્રતિમા આપ્યાં. જેથી પ્રભુ દેવે પોતે આ માનવજાત સાથે સીધો સંબંધ અને સંગત રાખે. તેમ જ માનવજાત

પણ પ્રભુ દેવ જેવાં જ રહીને સઘળાં ઐશ્વર્ય ભોગવે અને જાળવે. દેવની આ પ્રભુતા અનોખી અને અજોડ હતી. આ પૃથ્વીને દેવે એદનવાડી બનાવી. સાચે જ તે આનંદવાડી હતી.

પરંતુ આનંદની અવધિ અને હદ પણ હોય છે. પ્રથમ આદમ-હવાને પણ દેવે આ એદનવાડીમાં હદ કરાવી આપી. માત્ર એક જ ઝાડ જે ભલું-ભૂંડું જાણવાનું હતું, તેનાં ફળ ખાવાની મના કરી. કસોટી, પ્રેમ અને સંબંધની પારાશીશી છે. જીવન અને સંબંધનું એ હાર્દ છે. પ્રેમ અને સંગઠનની ગાંઠ છે. આ કારણે જ સર્વજ્ઞાની-સર્વવ્યાપક અને સર્વમાં સર્વ એવા પ્રભુ દેવે માનવી આદમને સારુ તેનાં જ હાડકાં-માંસની સ્ત્રી બનાવી અને તેની સાથે-સંઘાતે રહેવાને આપી. પ્રભુ પરમેશ્વરની આ યોજના અને વ્યવસ્થા પરિપૂર્ણ અને અતિ ઉપયોગી હતી. માનવી માત્રની ફરજ અને જવાબદારી એ જ છે કે તે દેવની યોજના અને વ્યવસ્થાની આધિનતાને વળગી રહે. માનવી જીવનની પ્રતિપળ અને સર્વસ્થળ-સંજોગોમાં દેવના સાંનિધ્યનો અનુભવ કરવો અને તેનો અમલ કરવો. એ જ જીવનની સફળતા, સાર્થકતા અને પ્રભુના પ્રેમની સુસંગત છે.

શેતાન, તેની પાપ વાસના, ગલીચતા અને લોભામણાપણાં હોય; તે છતાં એ સર્વથી નિરાળા રહીએ, એ જ માનવી જીવનનું રહસ્ય અને ઉત્તમતા છે. પરીક્ષા એ માનવી જીવનનું મહત્ત્વ છે.

# ૪. માનવી ધ્યેય-ધર્મ-ફરજ

માનવી જીવન સર્વોચ્ચ અને સર્વોત્તમ છે. તેનું માપ કે ગણના ફૂટપટ્ટીથી મપાતું કે ત્રાજવે તોળાતું નથી. તેમ જ દેખાવ-કદ કે સાધન સંપન્નતા વડે પણ કયાસ કઢાય નહિ. કારણ, માણસ, માણસને બહારના દેખાવથી જુએ છે. પણ યહોવા દેવ હૃદય તરફ જુએ છે. ૧ શમૂ. ૧૬:૭. માનવી જીવનની સાચી કક્ષા અને ઉન્નતિ, તે સભા. ૧૨:૧૩; ગીત. ૧૧૯:૧૦૫ મુજબ છે. માનવી જીવનની સાચી ઉન્નતિ અને શુદ્ધિકરણ તે તેની માલમિલકત-ઉચ્ચ શિક્ષણ કે શારીરિક સૌષ્ઠતામાં નથી; પરંતુ દૈવી જ્ઞાન અને ડહાપણમાં છે. ગીત. ૧૧૯:૯-૧૬.

પ્રત્યેક માનવી, જીવન અને સર્વશ્રેષ્ઠ ઉન્નતિ માટે એકમાત્ર સ્થાન અને સાધન તે તો પ્રભુ દેવ પરનો નિષ્કપટ વિશ્વાસ છે. ૨ તીમોથી ૧:૫-૭; ૩:૧૬-૧૭; યશા. ૫૧:૧૬; યિર્મે. ૧:૪-૧૦; પ્રભુ પરમેશ્વરનાં વચનોનું અધ્યયન અને પાલન યહોશુ. ૧:૮; પુર્ન. ૧૭:૧૮-૨૦; માનવી જીવનનો આજમાત્ર ઉદ્દેશ છે, અને તે દ્વારા જ સફળતા અને સાર્થકતા છે.

પ્રભુ પરમેશ્વરે, માનવ જાતને પોતાનાં જ સ્વરૂપ અને પ્રતિમા આપી-પોતાના જેવાં જ બનાવ્યાં. ઉત્પ. ૧:૨૬-૨૭; એ સારુ કે પ્રભુ દેવ પોતે માણસજાત સાથે સંગત-સોબત અને સહવાસ રાખે, યશા. ૪૩:૭,૨૧; કલોસી ૧:૨૭; પ્રભુ દેવને સહવાસ ગમે છે. વળી માનવી સ્વભાવમાં પણ સહવાસ અગ્રગણ્ય છે. દેવની સૃષ્ટિમાં પણ એક જ જાતનાં ઝાડ-પાન-છોડ-લીલોતરી એક જ જગાએ જથ્થાબંધ જોવા મળે છે. તેમ જ કાગડા, કાગડાઓ સાથે અને કબૂતર, કબૂતર સાથે; એમ સ્વજાતનાં પક્ષીઓ-જનાવર પણ સાથે ચરે-ફરે અને રમે છે.... કારણ સહવાસ અને સંગત જીવન ઘડનાર અને પ્રોત્સાહિત કરનાર મુખ્ય સાધન અને સ્થાન છે. માટે જ પ્રભુ દેવમાં અને સંગતમાં રહેનારાંઓની સોબત અને સંગત બહુ ઉત્તેજનદાયક છે. એમાં જીવનની સલામતી અને સફળતા છે.

પરંતુ માનવી પતન થયું. દેવથી વેગળું અને અળગું થઇ તેણે પોતાના માટે ઓથા શોધ્યાં. પોતાની નગ્નતા અને અધૂરાઇ ઢાંકવા-સંતાડવા, પોતાને સૂઝતાં-ગમતાં પાંદડાનાં વસ્ત્રો બનાવ્યાં. વળી પોતાના દોષ-પાપ ઢાંકવા, તેમણે એકબીજા સાથીદારોને દોષિત ઠરાવવાની અને તેમને માથે ઢોળવાની તરકીબો અજમાવી, ઉત્પ. ૩:૭-૧૩; એમ પાપ અને દેવની આજ્ઞા ભંગના કારણે માનવી પ્રભુ દેવથી વેગળું સંતાવા લાગ્યું. વળી માનવી માનવીમાં પણ અંતર અને ખટરાગ પેદા થયાં.

માનવ સ્વભાવ વિષે લખેલી મારી એક કવિતા રજૂ કરું છું.....

## "દ્રષ્ટિકોણ"

પાંપણ ઓથે ભારોટી રે, ભારોટી નવ કોઇ દેખે;
પાપ અધિક પોતા માથે, વાંક જ બીજાંના પેખે...

રમત રમતાં ભેરૂ જ ખોટો, પોતે ખરો હંમેશ જ,
ગમે તેવી ભૂલ પોતાની ઉલટી દેખાય જ તેથી;
દ્રષ્ટિકોણ આવું જ સહુનું કોણ કહે પોતે ખોટો!...

બીજાને જયારે ન્યાયે બેઠા, ચારણી અદલ રાખી,
મચ્છર ગાળી કાઢે અચૂક, શ્રમ વેઠે અપાર;
પોતાની વાતે ઊંટ જવા દે, કેમ ગળાય આવું તે નાનું!...

આવી આંખો ચમકે અતિ, ભૂલ ભાળે શનિ-રવિની,
પોતે જોવા ફૂટી એ તો, કયાંથી દેખે પાસે પહાડો?
કાઢ ભારોટી તારી પોતે, સૂઝશે સારુ જોવા બીજી...

**પ્ર.જે.કો.**

પરંતુ પ્રભુ દેવ દયાળુ અને પ્રેમાળ, તેણે માનવીને તજી દેવાને બદલે, તેમને શોધી કાઢી, તેમને બલિદાનનાં વસ્ત્રો પહેરાવ્યાં. ઉત્પ. ૩:૨૧; હેબ્રી ૯:૨૨.

પરંતુ પ્રભુ દેવની આ કૃપા અને ભલમનસાઈને સમજવાને બદલે માનવજાત દેવથી વધારે દૂર અને વેગળાં રહેવાની જ તરકીબો અજમાવતાં અને અપનાવતાં રહ્યાં. તરકટો અને તરકીબોનાં ઉત્પાદક શેતાન તે માનવીનો સાથી અને સંઘાતી બન્યો.

માનવી દેવના પ્રેમ-સલુકાઈ અને મનોરથો તેમ જ યોજનાઓ ભૂલતાં જ ગયાં. પરંતુ પ્રભુનો પ્રેમ અને કરુણા એવાં અને એવાં જ રહ્યાં. પ્રભુ દેવ પ્રત્યેક માનવીને બોલાવે છે. તેમની સાથે ગાઢ અને નિકટના સંબંધ રાખવા ઈચ્છે છે, ઝંખે છે. તે પ્રત્યેક માનવી હૃદયને ખટખટાવે છે...તે પ્રેમથી બોલાવે છે હાંક મારે છે. પ્રકટી. ૩:૨૦; ગી.ગીત. ૫:૨.

ત્યારે આટલું છતાંય, શું આપણે બહાનાં કાઢીએ છીએ? ગી.ગીત. ૫:૩...તો યાદ રાખીએ કે આપણે આપણા પોતાના જ દુશ્મન અને હીત અવરોધક છીએ.

# ૫. માનવીના તારણની યોજનાઓ

દેવે માનવીને પોતાના પ્રતીક અને પ્રતિનિધિ તરીકે આખા જગત ઉપર અમલ ચલાવવાને તેમ જ વહીવટ અને ઉપભોગ કરવાને ઠરાવ્યાં. તેમને સર્વસત્તા અને સદગુણ પણ આપ્યાં. યહોવા દેવે તેમને પોતાના જેવાં જ સ્વરૂપ અને પ્રતિમા આપ્યાં. આ જાણો કે, પ્રતિમા એટલે બાહ્ય ઘાટ-રૂપ અને સ્વરૂપ એટલે આંતરિક જીવનનું રૂપ-સ્વભાવ. આવી દૈવી નિર્દોષાવસ્થા એટલા માટે આપવામાં આવી કે તેઓ પોતે પ્રભુ પરમેશ્વરની સંગતમાં મહિમાવાન બને. એટલું જ નહિ પણ આખા જગતને પણ એ જ મહિમામાં દોરે, અને ચલાવે. આ હતી તારણની પ્રથમ યોજના...

પરંતુ પરિણામે માનવીએ નાકામયાબી નહોતરી-ઉત્પ.૩:૬-૭.

તેમ છતાં અતિ દયાળુ પ્રભુ દેવે માનવીને તરછોડ્યાં કે સમૂળાં તજી દીધાં નહિ. પરંતુ તેમને તેમની પોતાની પ્રેરક બુદ્ધિ પ્રમાણે ચાલવા, વર્તવા અને વ્યવહાર કરવા સ્વતંત્રતા આપી. આ સમય હતો તે આદમ-હવાથી માંડીને નૂહના જળપ્રલય સુધીનો હતો. પરંતુ પરિણામે આ સમય દરમ્યાન પ્રત્યેક માનવીના હૃદયના વિચાર-કલ્પના માત્ર ભૂંડા જ રહ્યાં. ઉત્પ. ૬:૫. પરિણામે જળ પ્રલયથી આખી સૃષ્ટિનો સંહાર થયો. ઉત્પ. ૭:૧૦-૧૨. આ પ્રેરક બુદ્ધિની યોજના એ માનવીના તારણની બીજી યોજના હતી.

જળપ્રલય પછી નૂહના ત્રણ દીકરાઓથી જે વંશાવળી થઇ, તેમને દેવે તેમની સ્વેચ્છા અને બુદ્ધિ પ્રમાણે ચાલવા-વર્તવા સ્વતંત્રતા આપી. માનવી પોતાની સ્વેચ્છા અને સ્વતંત્રતાનો કેવો અને કેટલો ઉપયોગ કરે છે; તે જોવાને દેવે ધાર્યું. આ હતી ત્રીજી તારણની યોજના. પરંતુ આવી સ્વતંત્રતાએ મહા મોટો ગુંચવાડો અને અનર્થ સર્જ્યો. ઉત્પ. ૧૧:૧-૯; પ્રજા પૃથ્વીના પટ ઉપર વેરવિખેર થઇ ગઇ. આ સમય-જમાનો તે નૂહના જળપ્રલય પછી, ઇબ્રાહીમની દેવે પસંદગી કરી ત્યાં સુધી ગણાય.

હવે માનવજાતના ઉત્કર્ષ અને તારણ માટે પ્રભુ દેવ યહોવાએ ચોથી યોજના તરીકે ઈબ્રાહિમને પસંદ કરી નોખો પાડી તેને "વચન અને આશીર્વાદ" આપ્યાં. આ સમયે ઈબ્રાહીમ ૭૫ વર્ષનો અને તેની સ્ત્રી સારાય તે ૬૫ વર્ષની હતી. પરંતુ તેઓ નિસંતાન-વાંઝિયાં હતાં. એ પણ દેવની જ યોજના હતી કે પસંદ કરાએલાં ઈબ્રાહીમ-સારાય, દેવની ઈચ્છા અને યોજના પ્રમાણે કસાય અને ઘડાય પછીજ તેમને પ્રજા ઉત્પત્તિથાય. જેથી તેઓ દૈવી યોજનાને અનુકુળ અને અનુરૂપ બને. એમ દેવે ઈબ્રાહીમ-સારાય દ્વારા એક નોખી-અલાયદી એવી પ્રભુની પસંદ કરેલી પ્રજા જે હેબ્રી-ઈસ્ત્રાએલી પ્રજા થઈ. આ સમય તે ઈબ્રાહીમ-સારાયની પસંદગી પછી અને યાકૂબના સમય સુધી એટલે ઈસ્ત્રાએલી પ્રજાના મિસર દેશની ગુલામીમાંથી છૂટકારા અને અરણ્ય પ્રવાસ સુધી ગણાય. પરંતુ પરિણામે ઈસ્ત્રાએલી પ્રજા દેવ સમક્ષ કચકચ કરનારી અને અણકહ્યાગરી બની. નિર્ગ. ૧૬:૧૧.

ત્યારે પ્રભુ દેવે આ ઈસ્ત્રાએલી પ્રજાને ચોક્કસ એવું નિયમશાસ્ત્ર ઠરાવી, તે મુજબ કરણી કરવા ઠરાવી આપ્યું. આ હતી માનવીના તારણની પાંચમી યોજના - આ યોજના ઘણા લાંબા સમય અને પેઢીઓ સુધી ચાલી; તે ઠેઠ ઈસુ ખ્રિસ્તના જન્મ સુધી રહી. પરંતુ આ નિયમશાસ્ત્ર અને કરણીની યોજના પણ નાકામયાબ બની - નિષ્ફળ નિવડી.

ત્યારે હવે છેલ્લી અને છઠ્ઠી યોજના તે દેવના પ્રેમની અને કૃપાની, તે ઈસુ ખ્રિસ્તની મારફતે આવી. યોહાન ૩:૧૬.

યહોવા દેવે માનવજાતના કલ્યાણ અને ઉદ્ધારને અર્થે પોતાના એકાકીજનીત દીકરા તરીકે ઈસુ ખ્રિસ્તને આ જગત પર મોકલ્યો. જે આવીને જગતના લોકોને તેમનાં પાપથી પાછાં ફેરવે; અને પોતે માનવજાતનાં પાપની ખંડણી પોતાના જ બલિદાન-મોત દ્વારા ભરપાઈ કરી આપે. એમ માનવીને તેનાં પાપથી છોડાવે. પ્રેરિ. ૧૬:૩૦-૩૧; રૂમી ૧૦:૯-૧૦.

પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણો-આખી માનવજાતનો તારનાર

ઉદ્ધારનાર બન્યો છે. આજે આપણે આ છેલ્લી યોજના કૃપા હેઠળ છીએ. ત્યારે આપણાં જીવનના ઉદ્ધાર માટે પ્રભુ ઈસુને સ્વીકારી-તેના જ પ્રેમમાં બંધાએલાં રહીએ, એ જ એક માત્ર અને છેલ્લો ઉપાય છે. પ્રભુ ઈસુ પોતે અને તેનો અગાધ પ્રેમ, આજે અને હંમેશા તમને, મને અને આખી માનવજાતને બોલાવે છે. પ્રત્યેકનાં હૃદય દ્વાર નિરંતર ખટખટાવે છે. તે માંહે આવવા અને સાથે રહેવા માગે છે. પ્રકટી. ૩:૨૦; ગી.ગી. ૫:૨. લૂક ૧૨:૩૫-૩૭. ખ્રિસ્ત ઈસુનો કેવો અગાધ પ્રેમ છે!

કોણ તેના આ પ્રેમને તરછોડી શકે? ખ્રિસ્ત ઈસુ તારનાર અને પ્રભુને આપનાવો. તેની સાથે અનંતજીવનના આનંદમય સ્વર્ગમાં તેની સાથે અને સંગતમાં રહો અને માણો.

અથવા તેનાથી વેગળાં-અળગાં રહીને અનંતજીવનના ત્રાસદાયક નર્કના અગ્નિમાં બળ્યા અને સળગ્યા કરો...

આ છેલ્લી અને છેવટની યોજના છે. વિચારો-સમજો-ચેતો, આ કદાપી તમારી છેલ્લી તક હોય... કાલ કોણે દીઠી છે!

# ૬. માનવી વય મર્યાદા

જગત અને બ્રહ્માંડમાં માનવી સર્વશ્રેષ્ઠ અને સર્વોપરી છે. દેવનાં પોતાનાં જ સ્વરૂપ અને પ્રતિમા માનવીને અપાયાં છે.આ માનવી જીવન સહુ કોઈને જીવવું ગમે; અને તે વળી ચિરકાળ. પરંતુ માનવી જીવનમાં પાપના પ્રવેશથી તેના મૂસારા રૂપે મરણ પણ આવ્યું. માનવી માત્ર પાપના પનારે પડ્યું છે. માનવીનો જન્મ જ પાપમાં થાય છે. ગીત. ૫૧:૫.

માનવી માત્રને લાંબું-દીર્ઘ જીવન જીવવાનું બહુ ગમે છે. પણ ઉન્નત જીવન વિષે તે ભ્રમ સેવે છે. માનવીને તેની નગ્નતા અને પાપ વિષે ભાન છે. પરંતુ નગ્નતા ઢાંકવા અને પાપથી દૂર રહેવા વિષે તે ભ્રમ સેવે છે. પોતાના સર્વોત્તમ સહાધ્યાય અને સર્વોપરી પ્રભુ પરમેશ્વર અને તેના સર્વશક્તિમાનપણાને જાણવા છતાં; તેનાથી સંતાતાં-લપાતાં રહેવું છે. માનવીને બે માર્ગની વચ્ચે ચાલવું વધારે ગમે છે. કારણ, જરૂરીઆત પ્રમાણે ગમે તે બાજુ સરકી જવાનું સુગમ પડે.

માનવજાતના આવા સ્વભાવ અને વ્યવહારના કારણે જ તેઓ વધારે અલ્પઆયુ બનતાં ગયાં. પાપ એ જ માનવીનાં દુઃખ દર્દ, રોગ-પીડા અને મરણનું કારણ છે. પાપનો મૂસારો મરણ છે. રૂમી ૬:૨૩... પાપના કારણે જ માનવી માત્રને દેવનાં આપેલાં અને અંકિત કરેલાં રૂપ અને સ્વભાવ ખોઈ બેઠાં અને અલ્પ આયુ બન્યાં. માનવી માત્ર માટે મરણ નિશ્ચિત છે. પણ છતાં લાંબું જીવી મરવાનું સહુને ગમે છે. ત્યારે, દીર્ઘાયુષ્ય પ્રાપ્ત કરવા નીતિ-નિયમ અને રીત-રસમ-રસ્તા દેવે તેના પવિત્ર શાસ્ત્ર-બાઈબલમાં દર્શાવ્યા છે. જુઓ...

“યહોવાનું ભય આયુષ્ય વધારે છે” નીતિ. ૧૦:૨૭ યહોવા દેવ તે એકલો જ પ્રભુ પરમેશ્વર છે. બીજો કોઈ દેવ નથી. વળી તેનું ભય એટલે બીક નહિ; પણ તેનું સન્માન-આમાન્યા રાખવા અને તેની જ આણ સ્વીકારવી, એ માનવી માત્રની પ્રાથમિક ફરજ અને

કર્તવ્ય છે. યહોવા દેવ તે એકલો જ આપણો પાળક-પોષક પિતા છે. ગીત. ૨૩:૧-૬; ફિલિ. ૪:૧૯; ૨ કરિંથી. ૯:૮. આવા દેવની અવગણના કેમ કરાય?

❖ માનવીની બીજી આવશ્યક ફરજ તે પોતાનાં માતપિતાનું સન્માન કરવું તે છે. નિર્ગ. ૨૦:૧૨; એ માનવીને દિર્ઘાયુષ્ય બક્ષે છે. માતાપિતા તે જગત પરના આપણાં જીવનનું લાલન-પાલન અને દેખભાળ કરનાર છે. તેમનું સન્માન બહુ આવશ્યક અને અર્થસૂચક છે. એ પ્રભુ દેવની આજ્ઞા અને ફરમાન છે.

❖ જગત પરના માનવી જીવનમાં જ્ઞાન અને બુદ્ધિ સંપાદન કરવા એ આવશ્યક છે. તે જીવનને ફતેહમંદ બનાવે છે. એટલું જ નહિ પણ તે આયુષ્યને દીર્ઘ અને લાંબું કરે છે. નીતિ. ૩:૧૩-૧૮; આ જ્ઞાન તે તો દૈવી અને આધ્યાત્મિક છે.

❖ દેવના વિધિઓ અને આજ્ઞાઓમાં ચાલવું અને તે મુજબ વર્તવું એ માનવી ફરજ છે. તેના પરિણામે દેવ માનવીને દીર્ઘ-લાંબું આયુષ્ય આપે છે. ૧ રાજા ૩:૧૪; પ્રભુદેવને ગમતું એવું જીવન જીવવું એ કેવું ઉત્તમ છે! એ માનવી માત્રની ફરજ છે.

❖ હરેક સંજોગો અને પ્રસંગોમાં દેવની સંનિદ્ધ દોડી જવું. તેની પ્રાર્થના-આરાધના કરવી, એ જ માનવી માટે યોગ્ય છે. ૨ રાજા ૨૦:૧-૧૧. માનવી માત્રને બળ-હિંમત અને ટેકો આપનાર તે એક માત્ર પ્રભુ પરમેશ્વર છે. પ્રભુ દેવની સંગત અને મુલાકાત તે પ્રાર્થનાદ્વારા જ થાય છે. હેબ્રી ૪:૧૬; ૧૨:૧-૨; ગીત. ૬૨:૭-૮.

❖ માનવીએ પોતાની જીભને વશ કરવી અને રાખવી એ બહુ આવશ્યક અને અગત્યનું છે. લાંબા આયુષ્ય માટે એ બહુ સરળ અને ચોક્કસ ઉપાય છે. ગીત. ૩૪:૧૨-૧૩ માનવી જીવનના અવયવોમાં તે સહુથી નાજુક અને નાનો અવયવ છે. પરંતુ તે તો અગ્નિ સમાન અને મરકી છે. યાકૂબ ૩:૧-૧૮.

માનવી જીવન બહુ મોંઘું અને દોહ્લું છે. તેના દિર્ઘાયુષ્ય માટે સાવધ અને સજાગ રહી, ઉપરોક્ત બાબતો જીવનમાં અપનાવવા અને આદરવા-આચરવાની બહુ અગત્ય છે.

માનવી જીવન મર્યાદા ગીત. ૯૦:૧૦ પ્રમાણે ૭૦ વર્ષ ગણાય અથવા બળના કારણથી ૮૦ વર્ષ થાય. તોપણ આ બધાં વર્ષોનો શ્રમ અને ગર્વ તે માત્ર દુ:ખદ છે... માટે એ અતિ આવશ્યક છે; કે રોજ અને પ્રતિપળે આપણે પ્રભુ પરમેશ્વર સમક્ષ પ્રાર્થના કરતાં જ રહીએ કે 'પ્રભુ, અમને અમારા દિવસો એવી રીતે ગણવાને-જીવવાને શીખવ કે અમને જ્ઞાનવાળું, હૃદય પ્રાપ્ત થાય.' ગીત. ૯૦:૧૨.

આ જગત પરનાં જીવનો એક જ વારનાં હોય છે. જન્મો-જન્મના અને અનેક અવતારોની માન્યતા તદન અને સમૂળી જૂઠી અને ખોટી છે. માનવી માત્રના આ એક જ જીવનમાં કર્યા કરાવ્યાં કામોનો હિસાબ આપવો પડશે. વળી યાદ રાખીએ કે પ્રભુ પરમેશ્વરની સમક્ષ પ્રત્યેક માનવી માત્રના જીવનની યાદીનું પુસ્તક લખવામાં આવે છે. માલાખી ૩:૧૬; ગીત. ૧૩૯:૧૩-૧૭. ૨ કાળ. ૧૬:૯; નીતિ. ૧૫:૩; અયૂબ ૩૪:૨૧.

'કૂંડા ને ક્યારીઓ મ્હેલી,
માળીની રખવાળી છોડી
રૂપાળાં ઓ કમળ...
શીદ જઈ કાદવમાં ખીલ્યાં!'

**પ્ર.જે.કો.**

ભૂખ, ઊંઘ, કષ્ટ ખૂબ વેઠયાં
ધન પ્રાપ્તિ કાજ...
દોરા, ધાગા, બાધા ના કરવાનાં કીધાં
પુત્ર પ્રાપ્તિ કાજ...
કિંતુ ભય ભૂલ્યાં, કરવાનાં ના કર્યા
પ્રભુ પ્રાપ્તિ માટ.

**પ્ર.જે.કો.**

## ૭. માણસ કોણ છે?

આ પ્રશ્ન બહુ અગત્યનો છે. દરેક માનવી માત્રએ પોતાની જાતને ઓળખવી-જાણવી અને સમજવી એ પ્રાથમિક જરૂરની બાબત છે... હું કોણ છું? એ ના જાણીએ તો જીવનની તરક્કી કરી તેને ઉન્નત ક્યાંથી કરાય? આપણે પોતા વિષે ગમે તે ધારતાં કે વિચારતાં-માનતાં હોઈએ; પરંતુ આપણા વિષે બીજાં આડોશી-પાડોશી, વ્યવસાય સાથીદારો, સમાજ અને ગમે ત્યારે અને ત્યાં આપણા સંપર્કમાં આવતાં માનવી, આપણા માટે શું ધારે છે? આપણને કેવાં માને છે?

માનવીની પોતાની રહેણી-કરણી, વ્યવહાર-વાણી, મનની મોકળાશ અને નિખાલસતા, એ સર્વ તેના મનની પેદાશ છે.

મનની પ્રાપ્તિ તે સનાતન અને પરમ પવિત્ર પ્રભુ દેવના સાંનિધ્ય અને સંપર્ક-સંગત દ્વારા પ્રાપ્ત થાય છે. પ્રભુ દેવ અને માનવી, બન્ને એકમેકમાં અને એકબીજા સાથે જોડાએલાં-બંધાએલાં છે. એ જગતની ઉત્પતિનો ક્રમ છે. એ અનંતકાળ સુધી રહેવા નિર્માણ કરાએલ છે.

પ્રભુ દેવ વિશ્વાસુ છે. તેની પવિત્રતા-પ્રેમ અને કાર્યદક્ષતામાં કદી ફરક પડતો નથી; તેમ કદી ઉણપ પણ આવતી નથી. ત્યારે માનવીએ પોતાના વ્યવહાર વિષે સાવધ-સજાગ રહેવાની અગત્ય છે. ... પરંતુ પ્રત્યેક માનવી માત્ર, પુરુષ કે સ્ત્રી દરેકે પોતાની જાતને ઓળખવા-જાણવાની અને દેવ જેવા બનવાની આવશ્યક જરૂર-ફરજ છે.

બાઈબલ, એ પ્રભુ પરમેશ્વર પ્રેરિત અને તેનાં જ વચનો છે. જે બોધ, નિષેધ, સુધારા અને ન્યાયીપણાના શિક્ષણ અર્થે ઉપયોગી છે. વળી એ વચનો દ્વારા પ્રભુ દેવને અનુસરનારાં, તેઓ સર્વ સારાં અને સંપૂર્ણ કામ કરવાને તૈયાર અને તત્પર બને છે... રહે છે. ૨ તીમોથી ૩:૧૬-૧૭. આ પવિત્રશાસ્ત્ર-બાઈબલમાં માનવજાતને

ઘણી ઉપમાઓ અને સરખામણી આપવામાં આવી છે. એ સર્વ માણસની ઓળખ કરાવે છે. વળી આ સરખામણીમાં માનવીએ એવાં બનવાનું ઉદ્‌બોધન પણ છે.

૧. 'તમે જગતનું મીઠું છો' માથ્થી ૫:૧૩.

મીઠું ખોરાકમાં સ્વાદ લાવનાર છે. તેમ જ તે દ્વારા કહોવાણને દૂર કરાય છે. મીઠું, કહોવાણને થવા કે વધવા ફેલાવા દેતું નથી. પોતે ઓગળી જઈને સ્વાદ આપે છે; તેમ જ કહોવાણને દૂર કરે છે.

૨. 'તમે જગતનું અજવાળું છો.' માથ્થી ૫:૧૪.

અજવાળું સ્પષ્ટ દર્શન કરાવે છે. ઠોકર ખાતાં કે અટવાતાં બચાવે છે. અજવાળું એ જીવનની પ્રાથમિક અને આવશ્યક બાબત છે.

૩. 'આપણે દેવનાં સંતાન-તેનાં કુટુંબના છીએ.' યોહા. ૧:૧૨

બાપ જેવા બેટા, એમ આપણે દેવ જેવાં-દેવનાં છીએ.

૪. 'ખ્રિસ્ત ઈસુ ઉત્તમ દ્રાક્ષવેલો છે; અને આપણે તેની ડાળીઓ છીએ.' યોહા. ૧૫:૧૫, દ્રાક્ષ, પોષક અને બળવર્ધક છે.

૫. 'આપણે ખ્રિસ્ત ઈસુનાં મિત્ર છીએ' યોહા. ૧૫:૨૫. દેવનાં મિત્રો દેવ જેવાં જ હોય અને હોવા જોઈએ.

૬. 'પવિત્રતાના ફળ પેદા કરનારાં છીએ.' યોહા. ૧૫:૧૬. ઝાડ પોતાનાં ફળથી ઓળખાય - વખણાય છે.

૭. 'ન્યાયીપણાના દાસ' રૂમી ૬:૧૮; ઉઠતાં-બેસતાં, બોલતાં-ચાલતાં ન્યાયીપણે જ વર્તનારાં છીએ.

૮. 'દેવના દાસ' રૂમી ૬:૨૨; દાસ પોતાના શેઠનું જ અનુકરણ કરનાર અને તેનું જ માન વધારનાર છે.

૯. 'દેવનાં દીકરા-દીકરી છીએ.' રૂમી ૮:૧૪-૧૫. બાપનાં રૂપ અને ગુણ દેખાડનારાં - ગલા. ૩:૧૬; ૪:૬.

૧૦. 'દેવનાં વારસદાર અને ભાગીદાર.' રૂમી ૮:૧૧. કેવાં ભાગ્યશાળી અને મહિમાવંત છીએ!

૧૧. 'તમે દેવનું મંદિર છો.' ૧ કરિંથી ૩:૧૬. દેવ પોતે તેમાં રહે છે. નિરંતર ત્યાં ભજન-ભક્તિ-આરાધના થાય છે. પ્રેમ-આનંદ અને શાંતિ ત્યાં અહર્નિશ વહે છે.

૧૨. 'તમે દેવની ખેતી છો.' ૧ કરિંથી ૩:૯; દેવની ખેતી ઉત્તમ અને ૬૦ ગણાં-૧૦૦ ગણાં ફળ ઉપજાવનાર છે.

૧૩. 'તમે દેવની ઇમારત છો' ૧ કરિંથી ૩:૯. પ્રભુ દેવ પોતે તેમાં રહે છે, અને કારોબાર ચલાવે છે. એ સ્થળ કોઈથી અજાણ હોતું નથી.

૧૪. 'તમે ખ્રિસ્તનું શરીર અને જુદા જુદા અવયવો છો.' ૧ કરિંથી ૧૨:૧૨-૨૭; શરીરના દરેક અવયવની યોગ્યતા અને કામગીરી આખા શરીરને કેવું રૂપાળુ, અને ઉપયોગી યોગ્યતાવાળું કાર્યક્ષમ બનાવે છે- રાખે છે!

૧૫. 'આપણે ખ્રિસ્તનાં સુગંધરૂપ છીએ.' ૨ કરિંથી ૨:૧૫. સુગંધ-ખુશબો, આલ્હાદક અને મન-જીવને તાજગી-આનંદ પમાડનાર છે. આસપાસના સર્વ વાતાવરણને પણ મહેકતું ખુશકારક બનાવે છે.

૧૬. 'તમે ખ્રિસ્તના પત્ર છો' ૨ કરિંથી ૩:૩. પત્રદ્વારા લખનાર પોતે પ્રગટ થાય છે. તેની હાજરીનો અનુભવ કરાય છે, તેમ તેના મનની મુરાદ અને ભાવના પ્રગટ થાય છે.

૧૭. 'આપણે ખ્રિસ્તમાં નવી ઉત્પત્તિ છીએ.' ૨ કરિંથી ૫:૧૭. નવી વસ્તુ કાર્યનિપુણ અને આનંદદાયક છે. તેનો ઉપયોગ કરનાર ખુશી અને આનંદનો અનુભવ કરે છે-માણે છે.

૧૮. 'આપણે ખ્રિસ્તના એલચી છીએ.' ૨ કરિંથી ૫:૨૦. એલચી એ પોતાના રાજાનો પ્રતિનિધિ છે. તે ખ્રિસ્તની આણ અને સિદ્ધિ પ્રગટાવે-ફેલાવે છે, તેનો જ અનુરોધ કરે છે.

૧૯. આપણને ખ્રિસ્ત સાથે બીજાંઓને સમાધાન કરાવનારાં ઠરાવાયા છીએ. ૨ કરિંથી ૫:૧૮.

૨૦. 'ખ્રિસ્ત ઈસુમાં પવિત્ર અને વિશ્વાસુ ગણાવાયા છીએ.' એફેસી ૧:૧.

૨૧. 'દેવના કુટુંબનાં અને પવિત્ર નગરનાં રહેવાસી છીએ.' એફેસી ૨:૧૯. કેવાં ભાગ્યશાળી અને ઉન્નત છીએ.

૨૨. 'ખ્રિસ્ત ઈસુ અને તેના પ્રેમનાં બંદિવાન છીએ.' એફેસી ૩:૧;૪:૧; બંદિવાન પોતાની મરજી પ્રમાણે કશું જ કરી શકે નહિ.

૨૩. 'ખ્રિસ્તની સુંદરતા અને પવિત્રતા પહેરી છે...' એફેસી ૪:૧૩-૧૬. જેથી આપણે ધોવાએલી ભૂંડણ કાદવમાં આળોટે તેના જેવાં થઈ કે રહી શકતાં જ નથી.

૨૪. 'આપણી નાગરિકતા આકાશ-સ્વર્ગમાં છે.' ફિલિ. ૩:૨૦. આપણાં મન અને ચિત્ત ત્યાં જ ચોંટેલાં રહે એ જ યથાયોગ્ય છે.

૨૫. 'ખ્રિસ્ત ઈસુમાં આપણે ઢંકાએલાં-ગુપ્ત રખાએલાં છીએ.' કલોસી ૩:૩. અન્ય લોકો આપણામાં ખ્રિસ્ત ઈસુને જુએ અને જાણે એમ આપણા દ્વારા ખ્રિસ્ત પ્રગટ કરાય.

૨૬. 'ખ્રિસ્ત ઈસુ એ જ આપણું જીવન છે.' કલોસી ૩:૪. આપણી સર્વ કાર્યવાહી-વ્યવહાર ખ્રિસ્ત ઈસુ જેવાં બનવાં જોઈએ.

૨૭. દેવનાં વહાલાં ભાઈઓ-બહેનો. ૧ થેસ્સા. ૧:૪ કેવું મહિમાવંત સગપણ!

૨૮. 'દેવથી શિખવાડાએલાં' ૧ થેસ્સા. ૫:૫; શીખનારની ગ્રહણતા શિક્ષક પર આધાર રાખે છે. શિક્ષક અને તેની શિખવવાની રીત વિદ્યાર્થી માટે બહુ અગત્યનાં બની રહે છે.

૨૯. 'આપણે અજવાળા-દહાડાના દીકરા-દીકરીઓ છીએ.' ૧ થેસ્સા. ૫:૫; જેથી અંધારામાં અટવાતાં કે કાળાં કામો કરતાં નથી.

૩૦. 'તમે પ્રભુને પ્રિય છો.' ૨ થેસ્સા. ૨:૧૩; કોઈ મોટી કે મહત્ત્વની વ્યક્તિની ઓળખથી આપણે કેવું-કેટલું ગર્વ અનુભવીએ છીએ. તો પ્રભુનાં પ્રિય હોવું-બનવું એ કેટલું વિશેષ ગર્વવાળુ છે.

૩૧. 'આપણે તેનું (દેવનું) ઘર છીએ.' હેબ્રી. ૩:૬ મોટી કે મહાન વ્યક્તિનું ઘર-નિવાસ્થાન મહત્ત્વનું અને મહાન ગણાય છે. તેનાથી ભાગ્યે જ કોઈ અજાણ અને અજ્ઞાન રહે.

૩૨. 'આપણે ખ્રિસ્તનાં ભાગીદાર છીએ.' હેબ્રી ૩:૧૪ ભાગીદારી, સર્વકાર્યો, વ્યવહાર અને વહીવટમાં હિસ્સો. હક્ક પ્રાપ્ત કરાવે છે. એ દરજ્જો છે.

૩૩. 'આત્મિક ઘરમાં જીવંત પત્થરો જેવાં છીએ.' ૧ પીત. ૨:૫ આત્મિક ઘર-મંદિરને બાંધવામાં તેનાં પત્થર બનવું એ કેટલું વિશેષ અગત્યનું અને આશીર્વાદયુક્ત છે.

૩૪. 'આપણે તો પસંદ કરેલી જાતિ, રાજમાન્ય યાજક, પવિત્ર પ્રજા તથા પ્રભુના ખાસ લોક છીએ.' ૧ પીત. ૨:૯; આવી યોગ્યતાનું મહત્ત્વ સમજવું એ કેટલું અગત્યનું છે?

૩૫. 'આ જગત વિષે પરદેશી તથા પ્રવાસી છીએ.' ૧પીત. ૨:૧૧ જગતના કાવા દાવા અને પ્રપંચમાં ફસાવા કે સંડોવાવાનું નથી.

૩૬. 'શેતાનના શત્રુ અને વૈરી છીએ.' ૧ પીત. ૫:૮; શેતાનથી દૂર અને વેગળાં રહેવા સાવધ હોવું જરૂરનું છે.

૩૭. 'આપણે દેવનાં છોકરાં છીએ.' ૧ યોહા. ૩:૧; બાપ જેવાં બાળકો હોય - બને એ કેટલું અગત્યનું છે.

૩૮. 'આપણે ખ્રિસ્તની કન્યા છીએ.' પ્રકટી. ૧૯:૭; ખ્રિસ્ત ઈસુના પ્રેમનો અનુભવ કેટલો મીઠો-મધુર છે! કન્યા પોતાના પ્રીતમથી વેગળી કે અળગી રહી શકતી જ નથી. કારણ પ્રીતમ-પ્રભુ ઈસુ ખ્રિસ્ત તે અતિશય વિશ્વાસુ, પ્રામાણિક અને પવિત્ર છે. તે તમારા અને મારા માટે પોતાનો જીવ સુદ્ધાં આપી દેવાને તત્પર અને તૈયાર છે.

ત્યારે આપણો સંબંધ અને વ્યવહાર આપણા તારનાર પ્રભુ ઈસુ ખ્રિસ્ત સાથે કેવો અને કેટલો છે; તે જોવું-તપાસવું બહુ અગત્યનું અને આવશ્યક છે. સમય વહી જશે; તે કોઈને માટે થોભશે કે રાહ જોશે નહિ. જીવન વીતી ગયા પછી રડવું તથા દાંત પીસવું ના થાય, માટે પોતાની જાતને તપાસીએ કે આપણાં જીવનનાં પાસાં તરતાં કે ડૂબતાં છે?

# ૮. જીવન સરવૈયું

મનુષ્ય જીવન બહુ જ સરસ, અનોખું અને સર્વોત્તમ છે. તેને દેવનાં પોતાનાં સ્વરૂપ અને પ્રતિમા અપાર્યા છે. તે બહુ જ વ્યવસ્થિત અને ઉપયોગી છે. કારણ આપણો અને સર્વસૃષ્ટ વાનાંઓનો પ્રભુ દેવ તે પોતે સઘળી વ્યવસ્થાનો પ્રભુ છે. તેથી આપણે તેનાં અને તેના જેવાં છીએ.

માટે તો આપણને સર્વ પ્રકારની સ્વચ્છતા અને સુશોભનતા તેમ જ વ્યવસ્થા ગમે છે. પરંતુ લાભ અને વ્યવહારિક વ્યવસ્થા કરતાં આંતરિક જીવન વ્યવસ્થા વધારે ઉપયોગી અને કાર્યસાધક છે. માનવી જીવનમાં એની આવશ્યકતા અનિવાર્ય છે.

તેથી જ હાગ્ગાય પ્રબોધક દેવની પ્રેરણા અને દોરવણી મુજબ આપણને ચેતવે છે; કે 'તમારા માર્ગોનો વિચાર કરો.' હાગ્ગા. ૧:૫. કારણ 'લાવણ્ય ઠગારું છે અને સૌંદર્ય વ્યર્થ છે; પણ દેવનો ડર રાખનાર વખાણ પામે છે.' નીતિ. ૩૧:૩૦.

માનવીનું સાચું સ્વરૂપ તો તેની અંદરથી પ્રગટ થાય છે. એ તેના વિચાર-વાણી અને વર્તન છે. એને સ્વચ્છ અને રૂપાળાં બનાવવાં એ બહુ અગત્યની બાબત અને કાર્યવાહી છે.

પ્રભુ પરમેશ્વરને પણ બહારના દેખાવ કરતાં આંતરિક જીવન વ્યવહારની શુદ્ધતા વધારે ગમે છે.

માછીમારો પોતાની જાળો રોજ તપાસીને સાંધેલી રાખે છે. માર્ક ૧:૧૯. કુશળ કારીગર પોતાનાં ઓજાર વ્યવસ્થિત અને બરાબર રાખે છે. કારણ એમાં એમની સફળતા છે. એ મુજબ આપણા જીવનોની જાત તપાસ અને તેની મરામત એ બહુ અગત્યનાં છે.

આ મેલા જગતમાં આપણાં જીવનો રોજબરોજ ખરડાતાં અને બગડતાં રહે છે. તેને રોજ તપાસી, પશ્ચાતાપ અને પાપ કબૂલાતના ઝરણામાં ધોઈ સ્વચ્છ ના કરીએ તો જીવનો કચરાના મોટા ઉકરડા બને.

આવી જાત તપાસ માટે પવિત્રશાસ્ત્ર-બાઈબલમાં ઘણાં માનવીઓને વિવિધ સવાલો પૂછાયા છે. આ રહ્યા એ પ્રશ્નો...

❖ આદમ, તું ક્યાં છે? ઉત્પ. ૩:૯.

❖ કાઈન, તારો ભાઈ હાબેલ ક્યાં છે? ઉત્પ. ૪:૯.

❖ આ તેં શું કર્યું છે? ઉત્પ. ૪:૧૦; યૂના ૧:૧૦.

❖ હાગ્ગાર, તને શું થયું છે? ઉત્પ. ૨૧:૧૭.

❖ તારા હાથમાં એ શું છે? નિર્ગ. ૪:૨.

❖ તું કોના તાબાનો છે? ૧ શમૂ. ૩૦:૧૩.

❖ તું અહીં શું કરે છે? ૧ રાજા ૧૯:૨૩.

❖ તારી પાસે ઘરમાં શું છે? ૨ રાજા ૪:૨.

❖ તેઓએ તારા મહેલમાં (ઘરમાં) શું જોયું? ૨ રાજા ૨૦:૧૫.

❖ તું તારી બોલીથી ઓળખાય આવે છે. માથ્થી ૨૬:૭૩.... તે કેવી છે?

❖ તું એક વાત સંબંધી અધૂરો છે...માર્ક ૧૦:૨૧...કઈ?

❖ ગેહજી, તું ક્યાં જઈ આવ્યો? ૨ રાજા ૫:૨૫.

ઉપરોક્ત સર્વ અને બીજા ઘણા પ્રશ્નો આપણાં પોતાના જીવનને લાગુ કરી..પૂછીએ. એના જવાબ આપણી પાસે કેવા છે? શું આ અને એવા બીજા પ્રશ્નો આપણી પોતાની જાતને તપાસવા પ્રેરણારૂપ નથી! હા, એ બધાં જ પ્રશ્નો આપણને જ લાગુ પડે છે. એ આપણને પૂછાતા રોજબરોજના પ્રશ્નો છે. શું આપણે એ વિષે સાવધ-સજાગ અને પ્રામાણિક છીએ? કે ગાફેલ-બેદરકાર છીએ?

બીજાંનાં વાંક-ગુના-પાપ આપણને ઝટ દેખાય છે. તે વિષે આપણે ધ્યાન પણ આપીએ છીએ. પણ પોતાની ભૂલો કે પાપ આપણને દેખાતાં નથી. દેખાય છે, ત્યારે એમાં શું? એમ કરી, બેદરકાર બનીએ છીએ. અથવા બધાંય એમ કરે છે, એમ પોતાને

છારવીએ-ઠગીએ છીએ. ત્યારે પ્રભુ ઈસુ ખ્રિસ્તે ઠીક ટકોર કરી છે, કે 'ઓ ઢોંગી, પહેલાં તું પોતાની જ આંખમાંથી ભારોટીઓ કાઢ; અને ત્યાર પછી તારા ભાઈની આંખમાંથી તણખલું કાઢવાને તને સારી પેઠે સૂઝશે.' માથ્થી ૭:૫.

હરેક કાર્ય નાનું કે મોટું તેને આદરતાં-અમલ કરતાં પહેલાં તેનું આયોજન કે રૂપરેખા તૈયાર કરવા અને વિચારવાં એ બહુ અગત્યનું છે. કારણ તેના અભાવે કોઈપણ કાર્ય, પદ્ધતિસર અને વ્યવસ્થિત બની શકે નહિ. મકાન બાંધકામ માટે તેના પ્લાન-નકશા, સ્પેસીફિકેશન તેમ જ અંદાજી કિંમત હોવાં જરૂરી છે.

તેમ જ વેપાર-રોજગાર કે કોઈપણ નાનાં મોટાં કાર્યો માટે ચોક્કસ તૈયાર કરેલ અને વિચારેલ રૂપરેખા હોવાં બહુ અગત્યનાં છે. જેથી જે તે કાર્ય કે આયોજનમાં ગૂંચ પેદા ના થાય, અને પદ્ધતિસર સરળતાથી તે આગળ વધી-પરિપૂર્ણ થાય.

એમ જ માનવી જીવન જે સર્વોત્તમ અને આખી સૃષ્ટિમાં શ્રેષ્ઠ છે; તે જીવવા માટે પણ ચોક્કસ યોજના, જ્ઞાન, ડહાપણ અને દોરવણી હોવાં જરૂરી છે. માટે પ્રભુ દેવે માતપિતાની અને કુટુંબની અમૂલ્ય યોજના અને ભેટ આપી છે. એટલા માટે કે બાળકને બચપણથી જ તેઓ દોરે-શીખવે અને જ્ઞાન આપી પાવરધાં બનાવે. નીતિ. ૨૨:૬; પુન. ૬:૧-૯; એફેસી ૬:૪.

જીવન જીવતાં અને પ્રતિ કાર્ય કરતાં ધ્યેય-ધ્યાન હોવાં અગત્યનાં છે. તેમ છતાં જે તે કાર્ય કે આયોજન કર્યા પછી તેને બરાબર તપાસવાં અને ઝીણવટથી ખાત્રી કરવી એ બહુ જરૂરી અને અગત્યની છે. જેથી જાણે કે અજાણે રહી ગયેલી કોઈ ખામી તેને તરત સુધારી-સમારી શકાય. પરંતુ માનવી જીવનમાં અને વ્યવહારની પ્રવૃત્તિમાં આવી તપાસ અને જાંચ રાખવા કરવા આપણે ઘણી વાર અને હરહંમેશ સમયનો અભાવ દર્શાવીએ છીએ. જો કે સમય તો મર્યાદિત જ છે. જગતની ઉત્પત્તિથી જ દેવે સૂર્ય-ચંદ્રને તેમનાં પરિક્રમણ અને ભ્રમણ ઠરાવી આપી, અજવાળા-દિવસ અને

અંધારા-રાતને જુદાં પાડી, તેમની સમય મર્યાદા ઠરાવી આપી. જેથી ક્યારેય સૂર્ય-ચંદ્રના પરિક્રમણમાં ફેર પડે જ નહિ. સમય એનો એ જ છે. તે લાંબો-ટૂંકો થતો નથી જ.

સમય મર્યાદિત છે; પણ દેવનું મૂલ્ય અને મહત્ત્વ તે ઘણું વિશેષ અગત્યનું છે. એટલા માટે જ સમયને માન આપી તેનું મૂલ્ય અને મહત્ત્વ સમજી-વિચારી, તે મુજબ જીવન વિતાવવું એ અગત્યનું છે. તે માટે જુઓ, સભા. ૩:૧૫; વાંચો-વિચારો અને વાગોળો... જગત પરનું જીવન એ તો માનવીનું છે. પણ તે દેવની દોરવણી અને તેના નીતિ-નિયમો પ્રમાણે જીવવું એ વધારે યોગ્ય છે; તેમાં જ જીવનની સાર્થકતા છે.

કારણ માનવી જીવનમર્યાદા સિત્તોર વર્ષ અને બળ અને તંદુરસ્તીના કારણે એંશી વર્ષ થાય, પરંતુ તે મર્યાદિત છે.

માટે જ દાઉદ રાજા હોવા છતાં બહુ જ સભાનતાથી પ્રભુ દેવ પરમેશ્વરને પ્રાર્થના કરે છે; કે 'અમને અમારા દિવસો એવી રીતે ગણવા-જીવવાને શીખવ, કે અમને જ્ઞાનવાળું હૃદય પ્રાપ્ત થાય.' ગીત. ૯૦:૧૦-૧૨.

દિવસના ૨૪ કલાક એટલે ૧૪૪૦ મિનિટ જેની ૮૬૪૦૦ સેકંડ જે આપણે રોજબરોજ જાણે કે અજાણે વિતાવીએ છીએ. ત્યારે માનવી જીવન આપણે ક્યાં અને કેવી રીતે જીવીએ-વિતાવીએ છીએ તે જોવું-જાણવું અગત્યનું છે... જુઓ...

- ❖ દરરોજ ૮ કલાક, ઊંઘવાના — વાર્ષિક ૧૨૨ દિવસ
- ❖ દરરોજ ૮ કલાક, નોકરી-રોજગાર — વાર્ષિક ૧૦૪ દિવસ
- ❖ દરરોજ ૫ કલાક, ચ્હા-નાસ્તા-જમણ — વાર્ષિક ૭૬ દિવસ
- ❖ દરરોજ ૩ કલાક, ઘરકામ-સામાજીક કૌટુંબિક — વાર્ષિક ૪૬ દિવસ

ઉપરોક્ત રીતે જોતાં, માનવીના ઉત્પન્નકર્તા અને દોરનાર

નિભાવનાર પ્રભુ પરમેશ્વરની સંગત-સેવા અને આરાધના કરવા કયો સમય અને ક્યારે!

શું આવા ગંભીર અને મહત્ત્વના પ્રશ્નને આપણે વિચાર્યો વાગોળ્યો છે! વાર્ષિક બાવન રવિવાર આવે, તેમાં પ્રભુની સંગત અને આરાધનામાં જ મંડયાં રહેવું જોઈએ; તેને બદલે અનેક બહાનાં-કારણો કાઢી-ઉપજાવી આપણે પ્રભુમંદિર-દેવળમાં જવાનું ટાળી મૂકીએ છીએ. એ વિષે આપણે વિચાર કરતાં નથી. આપણે તેની નોંધ-યાદી લખી કે રાખી નથી.

પરંતુ યાદ રાખીએ કે પ્રભુ દેવ આપણી સર્વ હિલચાલની નોંધ અને યાદીનું પુસ્તક લખી રાખે છે. માલાખી ૩:૧૬; ગીત. ૮૭; માથ્થી ૧૨:૩૬; ૨ કાળ. ૧૬:૯; ગીત. ૧૩૯:૧-૧૬; અયૂબ ૩૪:૨૧; ગીત. ૧૪:૨; નીતિ. ૧૫:૩.

ત્યારે મિત્ર, ન્યાયીકાળે તારા શા હાલ-હવાલ થશે! આજે કદાપી આ છેલ્લી અને આખરી તક હોય! ત્યારે ચેતવું-વિચારવું અને પ્રભુ દેવના ચરણોમાં લટી-ઝૂકી પડવું, એ તમારી હા, તમારી જ અંગત બાબત અને લાભની વાત છે. ત્યારે તમે કોઈનોય વાંક કાઢી શકશો નહિ. કાઢશો તો તે વ્યર્થ ગણાશે. દરેકે પોતે જ પોતાના પાપ અને જીવનની નાફિકરાઈની સજા ભોગવવી પડશે જ. વિચારો, આ છેલ્લી તક છે.

# ૯. જીવન ઉત્કર્ષ શામાં?

જગતમાંનાં સર્વસૃષ્ટ વાનામાં, માનવી જીવન સર્વશ્રેષ્ઠ અને ઉત્તમ છે. જગત પરનાં જીવ-જનાવર, પશુ-પક્ષી, ખેચર-વાયુચર-જળચર, એ સર્વને માત્ર શરીર-જીવ (પ્રાણ) અને આત્મા એમ ત્રણ વાનાં અપાયાં છે. આત્મા, એટલા સારુ કે તે ભલું અને ભૂંડું, પાપ અને પુણ્ય, ખરું અને ખોટું સમજી-જાણી શકે. વળી તે મુજબ તે ચાલી વર્તી શકે. આત્મા એ તો દરેક મનુષ્યની આંખો-માર્ગદર્શક અને સૂચક છે. આંધળા માણસને જેમ દોરનારની જરૂર છે, તેમ માનવી માત્રને આત્માની દોરવણી અગત્યની છે. કેમ કે આત્માનાં પ્રકટીકરણ દરેક માનવી માત્ર માટે હિતકારક અને ગુણકારી છે. કેમ કે આત્મા દૈવી છે. આત્મા જ જ્ઞાન વિદ્યા-વિશ્વાસ પેદા કરે છે. આ આત્મા દ્વારા જ સાજાં કરવાનાં દાન, ચમત્કાર કરાવનાર, તેમ જ પ્રબોધ કરવા આત્માઓની પરીક્ષા કરવા, ભિન્ન ભિન્ન ભાષાઓ બોલવા, ભાષાંતર કરવા પ્રેરક બને છે. ૧ કરિંથી ૧૨:૭-૧૧.

આ આત્માની દોરવણી માનવીને ધન્યતાઓ પ્રાપ્ત કરાવે છે.

❖ આ આત્માનું રાંકપણું માનવીને આકાશનું રાજ્ય પ્રાપ્ત કરાવે છે.

❖ શોક કરનારાંને દિલાસો પમાડે છે.

❖ રાંક અને નમ્ર માનવીને પૃથ્વીનું વતન અપાવે છે.

❖ ન્યાયીપણાની ભૂખ-તરસ વાળાને તે તૃપ્ત કરે છે.

❖ દયાળુઓને દયા પ્રાપ્ત કરાવે છે.

❖ મનની શુદ્ધતાવાળાને દેવનું દર્શન પમાડે છે.

❖ એકબીજાં વચ્ચે સલાહ કરાવનારાંને, દેવના દીકરા-દીકરી બનાવે છે.

❖ ન્યાયીપણાને લીધે સતાવણી વેઠનારાં, આકાશનું રાજ્ય પામે છે.

❖ લોકનિંદા અને અસત્ય અફવાઓ સહન કરનારાં, આકાશમાં બહુ મોટો બદલો પ્રાપ્ત કરે છે.

**ઉપરોક્ત ધન્યતાઓ-માથ્થી ૫:૩-૧૨ વાંચો અને અપનાવો.**

❖ દુષ્ટોની સલાહ-દોરવણી પ્રમાણે નહિ ચાલનાર...

❖ પાપીઓના માર્ગમાં ઊભા ના રહેનાર કે સંગ નહિ કરનાર...

❖ નિંદાખોરો સાથે નહિ બેસનાર...

એ ત્રણે પ્રકારનાં માનવીને ધન્ય છે. ગીત. ૧:૧.

❖ પ્રભુ દેવ પર ભરોસો-વિશ્વાસ રાખનારને ધન્ય છે. ગીત. ૨:૧૨.

❖ જેનાં ઉલ્લંઘન માફ થયાં છે અને પાપ ઢંકાઈ ગયાં છે, તેમને ધન્ય છે. ગીત. ૩૨:૧.

❖ જેના આત્મામાં કંઈ કપટ નથી, તેને ધન્ય છે. ગીત. ૩૨:૨.

❖ યહોવા દેવ પર ભરોસો રાખનારાંને ધન્ય છે. ગીત. ૩૪:૮.

❖ અહંકારી તથા જૂઠાંને નહિ ગણકારનારને ધન્ય છે. • ગીત. ૪૦:૪.

❖ દરિદ્રીની ચિંતા કરનાર, ધન્યવાદને પાત્ર છે. ગીત. ૪૧:૧.

❖ યહોવાનાં ભક્ત અને તેની આજ્ઞા પાળનારને ધન્ય છે. ગીત. ૧૧૨:૧.

❖ સીધા માર્ગે અને યહોવાના નિયમ પ્રમાણે ચાલનારાંને ધન્ય છે. ગીત. ૧૧૯:૧.

❖ યહોવાના સાક્ષ્યો પાડનારને ધન્ય છે. ગીત. ૧૧૯:૨.

❖ યહોવાથી ડરનાર અને તેના માર્ગે ચાલનારને ધન્ય છે. ગીત ૧૨૮:૧.

❖ જ્ઞાન સાંભળનાર અને લક્ષ આપનારને ધન્ય છે. નીતિ. ૮:૩૨-૩૪.

❖ પ્રામાણિક માણસને તેમ જ તેના પરિવારને ધન્ય છે. નીતિ. ૨૦:૭.

❖ ઉદ્યમી અને સદાચારી માતાને ધન્ય છે. નીતિ. ૩૧:૨૮.

❖ પ્રભુ ઈસુના પુનરાગમનની વાટ જોનારાંને ધન્ય છે. દાની. ૧૨:૧૨.

❖ પ્રભુ ઈસુ ખ્રિસ્ત વિષે ઠોકર નહિ ખાનારાંને ધન્ય છે. માથ્થી ૧૧:૬.

❖ અંત સુધી વિશ્વાસુપણે સેવા બજાવનારને ધન્ય છે. માથ્થી ૨૪:૪૬.

❖ પ્રભુ પર વિશ્વાસ કરનારને ધન્ય છે. લૂક ૧:૪૫.

❖ પ્રભુની પરીક્ષા કર્યા વગર વિશ્વાસ કરનારને ધન્ય છે. યોહા. ૨૦:૨૯.

❖ લેવા કરતાં આપવામાં વધારે ધન્યતા છે. પ્રેરિ. ૨૦:૩૫.

❖ પરીક્ષણમાંથી પાર ઉતરનારને ધન્ય છે. યાકૂબ ૧:૧૨.

❖ ચોક્કસ જોનાર-સાંભળનાર અને વર્તનારને ધન્ય છે. યાકૂબ ૧:૨૫.

❖ જેને પ્રભુ દેવ શિક્ષા કરે છે, તેને ધન્ય છે. અયૂબ ૫:૧૭.

❖ ખ્રિસ્ત ઈસુને ખાતર સહન કરનારને ધન્ય છે. લૂક ૬:૨૨.

❖ યહોવાની વાટ જોનારાંને ધન્ય છે. યશા. ૩૦:૧૮.

❖ પ્રભુમાં મરનારાંઓને ધન્ય છે. પ્રકટી. ૧૪:૧૩.

**તેમ જ વાંચો, પ્રકટી. ૧:૩; ૧૬:૧૫; ૧૯:૯; ૨૦:૬; ૨૨:૭, ૧૪.**

સમગ્ર સૃષ્ટિમાં સર્વશ્રેષ્ઠ એવા માનવી જીવનને આ જગતમાં ધન્ય બનાવીએ અને જીવીએ, તો જ જીવન સાર્થક અને સફળ કર્યું, જીવ્યું ગણાય. બાકી જેમ તેમ અગર બીજાં જીવ-જનાવર પેઠે બેફામ અને જવાબદારી વગરનું જીવી મરવું એ માનવી જીવન એળે જીવ્યું-ગયું ગણાય. એની કશી કિંમત નથી. એને યાદ પણ કોણ કરે!

માનવી જીવનની ઉત્તમતા અને અગત્યતા એટલી બધી અને કલ્પી ના શકાય તેટલી હતી; તેથી તો જગત અને બ્રહ્માંડના ઉત્પન્ન કર્તા પ્રભુ પરમેશ્વર જે પોતે નિષ્કલંક-નિરંજન અને નિરાકાર તેને માનવી આકાર અને અવતાર લેવાં પડ્યાં. તેણે આ જગતમાં આવી-જન્મી, જીવન જીવી બતાવ્યું. એટલું જ બસ નહોતું, તેથી દેવે-ઈસુ ખ્રિસ્તે માનવીનાં પાપની ખંડણી ચૂકવવા રાજીખુશીથી પોતાનો જીવ વધસ્તંભ પરના મરણ દ્વારા આપ્યો. વળી જીવનના પ્રોત્સાહન માટે મરણ પછી ત્રીજા દિવસે તે જીવીત થઈ ઉત્થાન પામ્યો. અનેકોને જીવન દર્શન આપીને જીવનની ઉત્તમતાની ખાત્રી કરાવી.

આજે પણ જગતના વાતાવરણમાં સતત ગુંજાવતો આ એક જ પ્રશ્ન છે, કે 'આદમ...માનવી, તું ક્યાં છે? ક્યાં અને કેમ સંતાતો લપાતો રહે છે?' ત્યારે, આજ આપણે દેવની આ વાણી સાંભળીએ અને તેની ગમ પાછાં ફરીએ તો કેવી ધન્યતા અને કેવો આનંદ! આ આનંદ ઊભય પક્ષે - તમારી અને દેવ વચ્ચે થાય છે. વિશેષમાં આકાશના સર્વદૂતો પણ આનંદ કરે છે.

# ૧૦. માનવીનાં પ્રાથમિક કર્તવ્ય

માનવી એટલે શરીર, જીવ અને આત્માનું ઐક્ય. શરીર એટલે દેવના રૂપની આકૃતિ, જીવ એટલે પ્રભુ દેવનો શ્વાસ; અને આત્મા એ દેવનું સ્વરૂપ-સ્વભાવ. એમ માનવી સર્વોત્તમ-સુંદરમ-સર્વમાં સર્વ એવા પ્રભુ દેવની કૃતિ છે. વળી જગત અને તેમાંની સર્વ કૃતિઓમાં તે સર્વશ્રેષ્ઠ અને સર્વોપરી છે. આખું જગત માનવીની હકૂમત હેઠળ દેવે રાખ્યું છે. પ્રભુ દેવ અને માનવીની આ કેવી નિકટતા! સોબત અને સંગત! યશા. ૪૩:૨૧; કલોસી ૧:૨૭.

પરંતુ આદમ-હવાએ દેવની આજ્ઞાનો ભંગ કરી, એદન વાડીમાં મના કરાએલા ઝાડનું ફળ ખાધું. તે જ ઘડીથી માનવી જીવનનું પતન શરૂ થયું. સહુ પ્રથમ તેમને તેમની નગ્નતા દેખાવા લાગી. માટે તેઓ દેવથી વેગળાં અને સંતાવા લાગ્યાં. સ્વપ્રયત્નથી પોતાની નગ્નતા ઢાંકવા વ્યર્થ અને નિષ્ફળ પ્રયત્નો કરવા માંડ્યા. તે સાથે એકબીજાંને દોષિત જોવા અને ગણવા લાગ્યાં. આ કારણોને લીધે તેમનાં જીવનનાં ત્રણે પાસાં એટલે કે શરીર, પ્રાણ અને આત્મા હાનિકારક અને વિપરીત બન્યાં. તેમ જ આ ભૂલ-પાપના કારણે માનવી જીવનમાં ક્ષીણતા અને મરણે પ્રવેશ કર્યો. રૂમી ૬:૨૩.

આ ભૂલ-આજ્ઞાભંગના કારણે આદમ-હવા માટે એદન-આનંદ વાડીનાં દ્વાર બંધ કરાયાં. ઉત્પ. ૩:૨૩-૨૪. જેથી જીવન જીવવાની અને તેને નિભાવવાની સઘળી જવાબદારી તેમના પોતાના જ શિર ઉપર આવી પડી. વળી તેમના અનુભવે પુરુષ અને સ્ત્રીની જવાબદારીઓ નોખી અને અલગ પાડી, તેમ જ ઠરાવી. આ સર્વમાં માનવી જ્ઞાન અને અનુભવે મુખ્ય ભાગ ભજવવા માંડ્યા. તેમાં વળી એકલા પ્રભુ દેવની સલાહ સૂચન ઉપરાંત નવી દોરવણી અને માર્ગદર્શન તે શેતાન તરફથી પણ માળતાં અને અનુભવાતાં થયાં; વળી માનવીને તે વધારે ગમતાં અને ફાવતાં આવવા લાગ્યાં. ત્યારે માનવી એ ભૂલતાં ગયાં કે શેતાનની દોરવણી એ તેમને માટે લોભામણી પણ વિનાશક હતી. કારણ, શેતાન પોતે જ નાશ પામેલો

અને વિનાશક છે. યશા. ૧૪:૧૨-૧૭; હઝ. ૨૮:૧૧-૧૯; પ્રકટી. ૧૨:૭-૯.

માનવી જીવન એ સર્વશ્રેષ્ઠ છે. ઉત્તમ અને સર્વોપરિ છે. એના જીવન વ્યવહારની પણ વિશિષ્ઠતા છે. કારણ પ્રભુ દેવ પોતે માનવીની ખાતર બરદાસ્ત અને દેખભાળ રાખે છે... જુઓ... અયૂબ ૭:૧૭-૧૮; ગીત. ૮:૪-૯; નીતિ. ૪:૫-૧૩; હેબ્રી ૨:૬-૮.

ત્યારે આવા મહત્ત્વપૂર્ણ અને મહિમાવંત જીવન વિષે આપણે ગાફેલ કેમ અને કેવી રીતે રહી શકીએ! વળી એટલા માટે તો પ્રભુ દેવ પોતે માનવ અવતાર લઈને ઈસુ ખ્રિસ્તના રૂપમાં જીવન જીવી બતાવ્યું. માનવ જાતના કલ્યાણ અને ઉદ્ધાર માટે તેમનાં પાપની ખંડણી ચૂકવવા, તેણે પોતે નિષ્કલંક હોવા છતાં વધસ્તંભ પર મોત સહન કર્યું. જગત પરના જીવન દરમ્યાન તેણે પ્રત્યક્ષ રીતે અને ઉપદેશો-ચમત્કારો દ્વારા જીવનના પાઠ શિખવ્યા. કારણ તે અતિ મહત્ત્વનું હતું અને છે.

જેમ બાળક તેના જગિક શિક્ષણ માટે પ્રાથમિક શાળાથી શરૂઆત કરી ક્રમશઃ મહાશાળાની છેવટ સુધી પહોંચે; તેમ જ આધ્યાત્મિક જીવન શિક્ષણનું પણ છે. દરેક બાળક માટે આધ્યાત્મિક શિક્ષણ તેનાં માતપિતાની ગોદમાંથી જ શરૂ થાય છે-થવું જોઈએ નીતિ. ૨૨:૬. ઉન્નતિનાં શિખર કૂદકા મારવાથી ચઢાતાં નથી. એ માટે તળેટીમાંથી જ ક્રમશઃ અને ચોક્કસ ડગલાં ભરવાં પડે છે. આ આધ્યાત્મિક જીવનની પ્રાપ્તિ પણ એવી જ છે. એ તો રોજબરોજનું પ્રત્યક્ષ જીવન છે. વિચાર, વાણી અને વર્તન દ્વારા વ્યવહારમાં પ્રગટ થાય છે. ધાર્મિક જીવન તે સૈદ્ધાંતિક કરતાં વધારે કર્તવ્યનિષ્ઠ છે. તમારા વિચાર તે તમારી જ વાણી અને વર્તન દ્વારા પ્રગટ થાય છે.

પ્રત્યેક બાળક માટે તેનું કુટુંબ-ઘર એ પ્રાથમિક શાળા છે. માતાના ધાવણમાંથી અને પિતાનાં હુલામણાં દ્વારા જ બાળક ઘડાય છે. સંપ-સહકાર, પ્રેમ-આનંદ અને શાંતિ એ કુટુંબનો વારસો છે. ધન-દોલત, વાડી-વજીફા અને મિલકત કરતાં કુટુંબની

આધ્યાત્મિકતા અનેક ગણી રીતે ચઢિયાતી અને ઈચ્છવા જોગ છે. ગીત. ૧૨૭ અને ૧૩૩; કારણ, ત્યાંથી જ અનંતકાળના જીવનની શરૂઆત અને પગરણ મંડાય છે. સંપ-પ્રેમ-આનંદ-શાંતિ ત્યાંથી પ્રગટે છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તે પણ પોતાના પહાડ પરના ઉપદેશ-શિક્ષણમાં પણ એ જ શિખવ્યું છે કે વેદી ઉપર દેવને અર્પણો અને દહનિયાર્પણો ચડાવવા પહેલાં પોતાના ભાઈ-બહેન સાથે સમાધાન કરી લેવાં એ વધારે સારું અને ચઢિયાતું છે. માથ્થી ૫:૨૪. ભાઈ-બહેન એટલે એક માબાપનાં અને કુટુંબનાં જ નહિ; પણ પ્રભુ દેવ ઉપર પ્રેમ અને વિશ્વાસ કરનાર સર્વ, પછી તે કાળાં-ધોળાં કે રાતાં હોય-ગમે તે દેશનાં હોય. માત્ર ખ્રિસ્ત ઈસુ ઉપર વિશ્વાસ કરનારાં અને તેને જ પોતાનો તારનાર માનનારાં હોવાં એ જ અગત્યનું છે.

જગતનાં વાનાં, જાહોજલાલી, માન મરતબા શોધવાં અને તેની પાછળ મંડ્યા રહેવા કરતાં; દેવનું રાજ્ય તથા ન્યાયીપણું શોધવા એ પ્રાથમિક અને આવશ્યક બાબત છે. માથ્થી ૬:૩૧-૩૪.

પ્રથમ માનવી માતપિતાના આજ્ઞાભંગ પછી તરત જ માનવીમાં બીજાના વાંક જોવા-કાઢવાની વૃતિ પેદા-શરૂ થઈ. ઉત્પ. ૩:૧૨-૧૩. આપણે બીજાંના પાપ-ડાઘ અને આંખમાંના તણખલાં બહુ જલદી અને વારંવાર જોઈએ છીએ. પરંતુ પ્રભુ ઈસુ ખ્રિસ્ત મોટો અને મહત્ત્વનો પાઠ માનવજાતને શીખવે છે, કે બીજાંના વાક-ગુના-ડાઘ જોવા અને શોધવા કરતાં, આપણા પોતાનાં જીવનમાં જ તેમને શોધવા-જોવાં અને દૂર કરવાં એ વધારે ઈચ્છવા યોગ્ય છે. માથ્થી ૭:૧-૫.

આપણે નિયમશાસ્ત્ર, નીતિ-નિયમો, તત્ત્વજ્ઞાન અને બીજી ઘણી મહત્ત્વની વાતો શોધીએ અને મથીએ છીએ. પણ પ્રભુ પરમેશ્વર તથા આપણાં પાડોશીઓ પર આપણે જે પ્રેમ અને ભાવ-વ્યવહાર રાખવાં જોઈએ તે પ્રત્યે આપણે આંખ આડા કાન કરીએ છીએ. પ્રભુ ઈસુ ખ્રિસ્ત તે પ્રત્યે આપણને ચેતવે છે. આપણને સાચા-સવળા માર્ગે વાળે છે. માથ્થી ૨૨:૩૫-૪૦.

આપણે દેવનાં ઉત્પન્ન કરેલાં તેનાં દીકરા-દીકરીઓ છીએ. યોહા. ૧:૧૨. છોકરાં તરીકે આપણે દેવની આજ્ઞાઓ માનીએ-પાળીએ અને તેની જ વાણી સાંભળવા ઉત્સુક રહીએ એ જ અને એમાં જ જીવનની સફળતા-સાર્થકતા છે. યોહા. ૧૫:૭-૮.

માનવીનું ધર્મનિષ્ઠપણું તેના પોતાના ઘર-કુટુંબમાંથી જ શરૂ થાય છે અને થવું જ જોઈએ. માતપિતાનું યોગ્ય અને પૂરતું સન્માન થવું જ જોઈએ; કારણ એ દેવની આજ્ઞા છે. નિર્ગ. ૨૦:૧૨. ભાઈઓ-બહેનો સંપીને રહે ને બહુ મૂલ્યવાન છે. ગીત. ૧૩૩:૧-૩, વળી એ પ્રભુ દેવને પ્રિય છે. ૧ તીમો. ૫:૪.

વળી ભાઈઓ-બહેનો ઉપરાંત એક જ વિશ્વાસનાં સર્વ એકબીજાં સાથે સલાહ-સંપ અને પ્રેમથી રહે, એ અતિ અગત્યનાં વાનાં છે. ગીત. ૧૨૭:૧૩૩; પ્રેરિ. ૨:૪૧-૪૨.

માનવીને મન-આત્મા અપાર્યાં છે. આત્મા વિચાર કરે છે. એ વિચાર મનમાં વાગોળતાં-વલોવાતાં, વર્તન બને છે. વર્તનના પુનરાવર્તનથી ટેવ-આદત બને છે. આવી ટેવો-આદતો દ્વારા જ ચારિત્ર્ય ઘડાય છે. નીતિ. ૨૩:૭; તેથી માનવી જીવનના શ્રેય માટે આ બાબતોના વિચાર અને રટણ વધારે અને વિશેષ આવશ્યક ઉપયોગી છે... સંત પાઉલ આપણને તે શીખવે છે.

'જે કંઈ સત્ય... જે કંઈ સન્માનપાત્ર... જે કંઈ ન્યાયી... જે કંઈ શુદ્ધ... જે કંઈ પ્રેમ પાત્ર... જે કંઈ સુકીર્તિમાન... જો કોઈ સદગુણ અને જો કોઈ પ્રશંસા હોય... તો આ બાબતોનો તમે વિચાર કરો; અને શાંતિનો દેવ તમારી સાથે રહેશે. ફિલિપી ૪:૮-૯; માનવી જીવનને આવી રીતે અને આ બાબતોમાં વાપરવા-મશગુલ રાખવાથી તમે આશીર્વાદિત થશો; એટલું જ નહિ પણ તમારા સંપર્કમાં આવનારાં સર્વ પણ દેવના આશીર્વાદ અને શાંતિ પ્રાપ્ત કરે છે.

તેથી આપણી રોજની પ્રાર્થના અને દિવસમાં અનેક વાર આપણી પ્રાર્થના આ હોવી જોઈએ; કે "હે યહોવા, મારા ખડક તથા

મને ઉદ્ધારનાર, મારા મુખના શબ્દો તથા મારા હૃદયના વિચારો તારી આગળ માન્ય થાઓ." ગીત. ૧૯:૧૪.

માનવી જીવન એક જ વાર પ્રાપ્ત થાય છે. આ જગતના જીવન અને મરણ પછી માનવી પોતાના દીર્ઘકાળી ઘેર જાય છે. જગત પરના તેના સારા જીવન માટે તેને અનંતકાળિક સ્વર્ગીય જીવન મળે છે. સ્વર્ગ એ દેવ અને દેવના સંતોની જગ્યા છે.

ગાફેલ-બેફામ જીવન માટે મરણ પછી નર્ક-સર્વકાળના અગ્નિમાં બળવું-રડવું પડે છે... ત્યારે તમે ક્યાં જશો...હશો! આ વિચારવાની કદાપી આ છેલ્લી તક તમારા માટે હોય.

# ૧૧. નિર્ણયાત્મક જીવન અને પરિપક્વતા

દરેક વસ્તુ-વાનાં કે વીગતને બે બાજુ હોય છે. એક સવળી અને બીજી અવળી. બહુધા અવળી બાજુ બિનઉપયોગી હોય છે, અથવા રહે છે. જ્યારે સવળી બાજુ દર્શનીય અને ઉપયોગી હોય છે. માનવી જીવન પણ એવું છે. જગતમાં પ્રત્યેક માનવી સમક્ષ અનેક કાર્યો-સંપર્ક અને સાધનોના સામના કરવા પડતા હોય છે. ત્યારે એ સર્વમાં નિર્ણયાત્મક બનવું એ આવશ્યક અને અગત્યનું છે.

નિર્ણયાત્મકપણું એટલે જીવનની ફતેહ અને આગેકૂચનું પ્રથમ પગલું છે. નિર્ણયાત્મકતા એ કોઈ જક્કીપણું કે હઠીલાઈ નથી. તેમ તે ગાડરીયો પ્રવાહ પણ નથી. એ તો પરિપક્વ સમજણપૂર્વકનું દ્રઢ વલણ અને કૃત્ય છે. વળી સારો અને સત્ય નિર્ણય એ કોઈ એક દિવસનું કે પ્રસંગનું કામ નથી. એ માટે તો ઊંડા વિચાર અને સાચી સલાહ તેમ જ ચકાસણી અને ખાત્રીની જરૂર પડે છે. વળી એ સર્વ કરવા માટે સત્ય અને નિષ્ઠાની વધારે અગત્ય છે. ધીરજ અને ખંત તેમાં મદદગાર બને છે... કોઈપણ નિર્ણય કરવાનું રોકી-મુલતવી રાખવું અગર ઢચુપચુ કરવું તે જીવનની બીન આવડત અને હાર છે. એ શેતાનની દોરવણી અને આડખીલી છે. એમ કરી તે તેની ગમ વાળવા, અને આડાં-અવળાં કામો તેમ જ નિર્ણય કરવા તે જરૂર તમને ઉતાવળ કરાવશે. શેતાનની આવી આડખીલી નડે ત્યારે અચૂક પ્રભુદેવ-પરમેશ્વરની પ્રાર્થના કરવી અને તેની દોરવણી માગવી એ બહુ હિતાવહ અને આવશ્યક છે. 'હે પ્રભુ, તારી આશ્ચર્યકારક વાતો અને બાબતો જોવા મારી આંખો ઉઘાડ' ગીત. ૧૧૯:૧૮, ૧૦૫.

જગત એ તો ભૂલભૂલામણીનું ક્ષેત્ર છે. માનવીને તે ચક્રે ચઢાવે છે, ભમાવે છે. ભૂલભૂલામણીમાંથી બહાર નીકળવા સાચો માર્ગદર્શન કે દિશા સમજાતાં નથી. બધું જ સારું અને એક સરખું જ દેખાય છે. ત્યારે દોરવણી અને માર્ગદર્શન માટે પ્રભુ પરમેશ્વર તરફ મીટ માંડવી અને તેની વાણી સાંભળવા કાન સરવા કરવા એ

હિતાવહ અને ઉપયોગી બને છે. એ જ એક માત્ર માનવીના કલ્યાણ અને ઉદ્ધારનો માર્ગ અને પ્રભુ છે.

વળી અધર્મી અને દુષ્ટ માણસોની સલાહ પ્રમાણે ચાલવું-વર્તવું નહિ; તેમ જ પાપીઓના માર્ગમાં ઊભાં રહેવું પણ નહિ; વળી બીજાંની નિંદા-કુથલી કરનારાં સાથે બેસવું નહિ; એ યથાયોગ્ય અને હિતાવહ છે. ગીત. ૧:૧. પરંતુ પ્રભુ દેવ યહોવાના નિયમશાસ્ત્રમાં આનંદ-સંતોષ માની, રાત દિવસ તેનું જ મનન અને રક્ષણ કરવું એ જ માત્ર યોગ્ય છે. વળી તેવાં માનવી નદીની પાસે રોપાએલાં ઝાડ જેવાં લીલાંછમ અને ફળદ્રુપ રહે છે બને છે. ગીત ૧:૨૩.... માનવી જીવન અનેક નિર્ણયોથી ભરેલું છે. કારણ નિર્ણય અને સ્પષ્ટ દર્શન વગર જીવન ભટકતું, ભમતું અને ભૂલભૂલામણીમાં અટવાતું-ગુંચાતું રહે છે. માટે જ સ્પષ્ટ અને ચોક્કસ નિર્ણયની અતિ અગત્ય છે. એ કેવળ પ્રભુ દેવ અને તેનાં પવિત્ર વચનો દ્વારા જ મળી શકે છે. આ વચનો તે પવિત્ર શાસ્ત્ર-બાઈબલ છે. ૨ તીમોથી ૩:૧૬-૧૭; યોહા. ૧૭:૧૭; રૂમી ૧૫:૪; ૨ પીત. ૧:૨૦-૨૧.

વળી યહોશુઆનો નમૂનો અને નિર્ણય આપણા માટે બહુ ઉત્તેજનદાયક અને પ્રેરણાત્મક છે. યહોશુ. ૨૪:૧૫; પ્રભુ દેવ યહોવાના સેવક મૂસાએ ઈસ્ત્રાએલીઓને મિસરની ગુલામીમાંથી છોડાવ્યાં અને કનાન દેશનું વતન પ્રાપ્ત કરાવવાને દોર્યા. પરંતુ અદકા સ્વભાવનાં ઈસ્ત્રાએલીઓએ કાયમ કચકચ અને અસંતોષ દર્શાવ્યા. પરંતુ મૂસાના મરણ પછી યહોશુઆ તે આ ઈસ્ત્રાએલી પ્રજાનો આગેવાન-દોરનાર બન્યો; ત્યારે તેણે પ્રથમ પગલે ઈસ્ત્રાએલી પ્રજાને એકઠી કરી, તેમની સમક્ષ ગંભીર અને અતિ મહત્ત્વનો પ્રશ્ન પ્રસ્તુત કર્યો; કે તમે કયા દેવોની સેવા કરવાનું પસંદ કરશો, તે આજે જ પસંદ કરો. યહોશુઆએ સર્વ ઈસ્ત્રાએલી પ્રજાને સ્પષ્ટ સમજાવ્યા પછી; તેણે પોતાનો નિર્ણય જાહેર કર્યો કે 'હું અને મારા ઘરનાં-કુટુંબનાં તો યહોવાની જ સેવા કરીશું.' યહોશુ. ૨૪:૧૫. કેવી નિડરતા અને આત્મ વિશ્વાસ તેમ જ જીવંત માર્ગદર્શન! સ્પષ્ટ સમજણ અને મક્કમતા...

સફળ અને સાર્થક જીવન જીવવા આવી સ્પષ્ટ સમજણ હોવી, તેમ જ તેને વળગી રહી તે મુજબ ચાલવા-વર્તવાની મકકમતા હોવી એ જીવનની સફળતા માટે અતિ અગત્યનાં છે. એ માટે સતત પ્રભુ દેવ તરફ દૃષ્ટિ અને નિરંતર કાન ઉઘાડા રાખવાની તેમ જ તેના અમલ માટે પ્રભુની જ સંનિદ્ધ-સંઘાતે રહી, તેનો જ હાથ પકડી તેની સાથે ચાલવું-જીવવું એ અતિ આવશ્યક છે.

બે મનવાળું માનવી હંમેશા અસ્થિર અને પવનથી હાલતાં ડોલા ખાતાં બરૂ જેવાં છે. તેઓ તો આમતેમ ઉડતાં ફોતરાં જેવાં વજન વગરનાં છે. ગીત. ૧:૪. તે પોતાનાં સર્વ કાર્યોમાં અસ્થિર છે. યાકૂબ ૧:૮; પ્રભુ દેવ પોતે તેમ જ દેવનાં સેવકો, આવાં બે મનવાળો માનવીઓને ધિક્કારે છે. તેમનાથી વેગળાં રહે છે. ગીત. ૧૧૯:૧૧૩.

એક કવિએ પણ ગાયું છે કે,

‘દોરત્રી છોડ દે. યક રંગ હોજા;
સરાસર મોમ યા સંગ હોજા...’

માનવી જીવનની દ્રઢતા-સાર્થકતા તે તેના પ્રભુમય જીવનમાં જ છે. આ સાર્થક જીવન એકલા પ્રભુ ઈસુ ખ્રિસ્ત પાસે અને સંઘાતે રહેવાથી જ મળે છે. કારણ એ જ એકલો ‘રસ્તો-સત્ય તથા જીવન છે’ કહેવાતા દેવ-દેવીઓ તે તો માત્ર મનુષ્યો જ હતાં; પણ તેમનાં ચઢિયાતાં જીવનને લીધે જ, તેઓ પૂજાતાં બન્યાં છે.

પ્રભુ દેવ તે તો એકમાત્ર યહોવા-ઈસુ ખ્રિસ્ત જ છે. એ જ એકલો અને માત્ર પ્રભુ છે. તે જ જીવનનો મોક્ષદાતા અને પ્રભુ છે. તેણે જ માત્ર માનવી જીવન અને પાપની માફી માટે પોતાનો જીવ વધસ્તંભ ઉપર હોમી દીધો. વળી તે પોતે જીવનનો પ્રભુ અને પ્રણેતા હોવાથી ત્રીજા દિવસે ઘોર-કબરમાંથી પાછો ઊઠ્યો. વળી આજે પણ તેમ જ સર્વકાળ તે જીવતો-જાગતો પ્રભુ છે. તેથી તેને અનુસરનાર ભજન, કરનાર અને મક્કમ વળગી રહેનાર-તેના જ પગલે ચાલનાર

અનંતકાળિક જીવન પ્રાપ્ત કરે છે. ત્યારે, આજે જ-હમણાં જ તમે પસંદ કરો, કે તમે કોની સેવા કરશો?

શું મનની મોકળાશ અને મક્કમપણે કહી શકો છો? કે 'હું અને મારા ઘરનાં તો યહોવા-પ્રભુ ઈસુ ખ્રિસ્તની જ સેવા-ભજન ભક્તિ કરીશું.'

એ જ અને એમાં જ તમારી ફતેહ અને અનંતજીવન છે. હાલેલુયાહ-આમેન અને આમેન..

# ૧૨. કૌટુંબિક યોજના અને વ્યવહાર

માનવી કુટુંબ એ દેવ યોજીત અને રચીત છે. ઉત્પ. ૧:૨૭; ૨:૧૮. વળી આ કુટુંબ તે એક જ હાડ-ચામ અને માંસનું છે. ઉત્પ. ૨:૨૧-૨૩. જેથી તેઓ વિચાર-વાણી-વર્તનમાં પણ એક અને સંગઠીત રહે. વળી દેવના સાંનિધ્ય અને સંગતમાં રહેવા પ્રભુ પરમેશ્વરે પોતાનાં જ સ્વરૂપ-સ્વભાવ અને પ્રતિમા-આકાર માનવીને આપ્યાં. યશા.૪૩:૨૧; કલોસી ૧:૨૭. પ્રભુ દેવે પોતે જ પ્રથમ પુરુષ-સ્ત્રીને આશીર્વાદ આપ્યા કે સફળ થાઓ, વધો અને પૃથ્વીને ભરપૂર કરો. તેને વશ કરો; તેમ જ સર્વ જીવ-જનાવર, સઘળાં પ્રાણીઓ ઉપર અમલ ચલાવો. ઉત્પ. ૧:૨૭-૨૮; આ કૌટુંબિક યોજના દેવની સર્વસૃષ્ટિમાં ઉત્તમ અન અજોડ છે. આવી કૌટુંબિક ભાવના બીજાં કોઈમાં નથી.

માનવી માતા-પિતા અને બાળકો એ બધાં જ એક જ લોહીનાં અલગ ટીપાં છે. મૂળમાં એક જ હાડ-ચામનાં હોઈને તેઓ એક જ રૂપ, રંગ, ગુણ-દોષનાં છે. માટે જ માતા-પિતાએ પ્રથમ નિર્દોષ-શક્તિવર્ધક-નિરોગી અને શુદ્ધ બનવું ઘટે એ યથા ઘટિત છે. એ ઈશ્વરદૂત આશીર્વાદ છે. માતાપિતાએ પ્રભુ દેવને પોતાની વચ્ચે અને સાથે રાખીને સંયમી-સ્વાર્પિત હોવું અને બનવું પડે.

માતા પોતાના બાળકને સ્તનપાન કરાવતાં, તે તેને માત્ર દૂધ એકલું જ પીવડાવતી નથી; બલકે એ જ સ્તનપાન કરાવતાં તે બાળકમાં સંસ્કાર-સ્નેહ, ખાનદાની ખુમારી, વીરતા-શક્તિ અને શુદ્ધતા સિંચે છે. એ છે જીવનભરનાં સત્વ અને સત્ય. એ છે બાળકને ઘોડીયામાંથી ઘોડે ચઢાવવાની તાલીમ-પાઠશાળા. માતા પિતા, તેનાં મુખ્ય પ્રાધ્યાપકો છે. નીતિ. ૨૨:૬; પુર્ન. ૬:૫-૭. વળી હેત-હૂંફ-હિંમત અને સત્ય-સદાચાર, એ તેના મુખ્ય વિષયો છે. આ કુટુંબ-કબીલા, સંસ્થાનો સ્થાપક-સંચાલક અને વ્યવસ્થાપક તે એક માત્ર પ્રભુ પરમેશ્વર જ છે. તે માનવી જીવનનો એક માત્ર 'રસ્તો, સત્ય તથા જીવન છે.' યોહા. ૧૪:૬. એ જ જીવનનું અજવાળું છે.

યોહા. ૮:૧૨. એ જ માત્ર જીવનની રોટલી અને જીવનનું પાણી છે. માથ્થી ૪:૪; યોહા. ૪:૧૪; ૬:૧૫, ૪૧, ૪૮, ૫૧; આ માનવી કુટુંબ, એ તો સહકારી બેન્ક સમાન છે. પ્રભુ પરમેશ્વર તેનો સ્થાપક છે. આ કુટુંબમાં પિતા તે આ બેન્કનો સંચાલક-મેનેજર છે. માતા તે Locker - મૂડી - થાપણને સંભાળનાર-સાચવનાર Locker છે. જ્યારે બાળકો એ મૂડી-થાપણ છે. બાળકોનાં બાળકો એ મૂડીનું વ્યાજ છે. આ સઘળાં સાથે અને સહિયારાં રહીને એક મોટી થાપણ બને છે. આવી સહકારી-સહિયારી બેન્ક-કુટુંબ સાથે અન્ય કોઈને ઠગાવા, કે છેતરાવા અગર ધોક્કો ખાવાનો ભય કે પ્રસંગ કદી બનતો નથી.

ત્યારે આપણા આવા કુટુંબની અને પ્રત્યેક જાતની વ્યક્તિગત જીવતી-જાગતી તપાસ-તકેદારી રાખીએ; જેથી આપણી ખીલેલી-ફાલેલી દ્રાક્ષાવાડીને નાનાં શિયાળવાં બાકોરાં પાડી ભેલાડે નહિ. ગી.ગી. ૨:૧૫; માર્ક ૭:૨૧-૨૩; ગલા. ૫:૧૯-૨૧. તેથી આપણા માટે અને આપણા આખા કુટુંબ માટે આ અને આટલું જરૂર યાદ રાખીએ; જે ભક્ત કવિ દાઉદ આપણને શીખવે-ચેતાવે છે. ગીત. ૧:૧-૩. કારણ કે એ અનુભવ સિદ્ધ છે કે 'પીળાં-ચિમળાએલાં પર્ણો ફરી નથી થતાં કોઈ કાળે જ લીલાં.'

ત્યારે પ્રભુ પરમેશ્વર-દેવ બાપના સાંનિધ્ય અને સંગતમાં રહેવા, તેની વાણી સાંભળવી એ હિતાવહ છે. તેની સ્તુતિ ગાવી, તેમ જ તેના માર્ગે ચાલવું એ જ માત્ર હિતકારક છે. વળી તે માટે એ જ પ્રભુ દેવનાં વચનોનું રટણ અને મનન કરવું એ જ ગુણકારી છે. આ વચનો તે 'બાઈબલ'-પવિત્રશાસ્ત્ર છે.

આ બાઈબલ તે ઈશ્વર પ્રેરિત વચનો છે. તે માનવીના બોધ-નિષેધ,સુધારા અને સર્વ સારાં કામ કરવાને ઉત્તેજન આપનારાં છે. ૨ તીમોથી ૩:૧૬-૧૭; યોહા. ૧૭:૧૭; રૂમી ૧૫:૪; ૨ પીત. ૧:૨૦-૨૧. યશા. ૫૧:૧૬; યિર્મે. ૧:૯; ૩૦:૨. જગતનાં સર્વજ્ઞાન અને ડહાપણ કરતાં બાઈબલનાં વચનો અધિક શ્રેષ્ઠ અને

ઉપયોગી છે. ગીત. ૧૧૯:૯૭-૧૦૦, ૧૦૫ તે માનવીને પાપથી દૂર રાખે છે. ગીત. ૧૧૯:૯-૧૧.

ત્યારે દેવનાં આ વચનો કુટુંબમાં અને પ્રત્યેક વ્યક્તિની સાથે અને પાસે હોય, તેમ જ હૃદયમાં વણાએલાં-ઠસેલાં રહે એ કેટલું બધું ઇચ્છવા જોગ-યોગ્ય અને અગત્યનું છે. તેનું વાંચન અને અધ્યયન-મનન રાત દિવસ થાય તેમ જ કરવું એ કેટલું બધું લાભદાયક છે. માનવી જીવનની ઉન્નત્તિ તેમ જ કામયાબી માટે આ વચનોના જ્ઞાનની આવશ્કતા અનિવાર્ય છે. ગીત. ૧૧૯:૯૭-૧૦૫. BIBLE એટલે Behold it Brings Life Eternal.

ત્યારે આજે માનવી જીવનમાં-વિશેષ ખ્રિસ્તી વ્યક્તિ અને કુટુંબમાં બાઇબલનું સ્થાન ક્યાં એમ કેવું છે! શું તે ખોવાઇ ગયું છે! ભૂલાઇ ગયું છે! કે અભરાઇ ઉપર પેટીમાં પૂરાએલું પડી રહ્યું છે! ૨ રાજા ૨૨:૮-૧૩.

યાદ રાખીએ કે જગતનું જ્ઞાન-વિદ્યા અને સર્વ વાનાં નાશવંત અને ક્ષણિક છે. પણ દેવનાં વચન બાઇબલ તે જ સનાતન અને સર્વકાળિક છે. તે જ માનવી જીવનને તારણ અને સનાતનપણું અપાવનાર વચન છે. ૧ પીત. ૧:૨૩. માત્ર કબાટ-અભરાઇ ઉપર શોભા માટે સાચવી રાખવાનું આ પુસ્તક નથી જ. તે તો સવાર બપોર-સાંજ એમ જ્યારે અને ત્યારે વાંચવા અને મનન-રટણ કરવા માટે છે. એ જ માનવી જીવનને તારણ અને અનંત જીવન અપાવનાર તેમ જ પ્રભુ પરમેશ્વરના સાંનિધ્યમાં જકડી રાખનાર વચનો અને જ્ઞાન છે. ત્યારે આપણે નિર્ણય કરીએ અને દાવાપૂર્વક ગાઇએ કે....

"કેવો અદભૂત ભંડાર આ;
દેવનું અમાપ્ય દાન આ;
બન્ને સાથે ફરીશું;
મારું બાઇબલ ને હું...(ભજન સંગ્રહ.)

માનવી જીવન ઉત્કર્ષ માટે બાઈબલ અધ્યયની જેટલી જરૂર છે; તેટલી જ અને તેવી જ પ્રાર્થના-આરાધનાની જરૂર અને અગત્ય છે. પ્રાર્થના એ માનવી જીવનની જરૂરનો પોકાર છે. આવા જરૂરતના પોકાર તે જે સર્વસંપન્ન તેમ જ દયાળુ હોય, તેની જ આગળ રજૂ થાય. વળી આવી પ્રાર્થનાની રજૂઆત-પોકાર પાડનારાંમાં વિશ્વાસ-શ્રદ્ધા હોવા પણ અતિ જરૂરનાં છે. વળી પ્રાર્થના-આરાધનામાં વિનય, વિવેક અને શાણપણ હોવાં પણ અગત્યનાં છે. અલંકારી ભાષા અગર પદ્ધતિ તેમ જ પહેરવેશની ખાસ જરૂર નથી પણ મન મોકળાશ અને હૃદયની નિખાલસતા વિશેષ જરૂરનાં છે. પ્રાર્થના એટલે માગણી કરવી. પરંતુ એ માગણી સાચી અને મનના કપટ કે અયોગ્યતાપણાની ના હોય તે બહુ જરૂરનું છે. કારણ જે પરમેશ્વરની સમક્ષ આપણે માગણી પ્રાર્થના કરીએ છીએ તે સર્વજ્ઞ છે. ૨ કાળ. ૧૬:૯; નીતિ. ૫:૨૧. અયૂબ ૩૪:૨૧; નીતિ. ૧૫:૩; માલાખી ૩:૧૬. આવા અદભુત પ્રભુ પરમેશ્વર સમક્ષ, આપણી પ્રાર્થના તે પણ આધ્યાત્મિક ઉત્કર્ષ અને ઉન્નતિની જ હોય, એ વિશેષ યોગ્ય અને ઘટારત છે.

આ પ્રાર્થના દરેકની વ્યક્તિગત તેમ જ કૌટુંબિક થવી એ આપણી ફરજ અને ગરજ છે. પ્રાર્થના દ્વારા પ્રભુ દેવની વધારે નજીક જવાય છે. તેમ જ પ્રભુનાં દર્શન અને તેના આશીર્વાદો મળે છે. માનવીનાં મન પ્રફુલ્લિત અને ઉત્સાહી બને છે. વળી એ દ્વારા જ માનવી પોતાના જીવનનું તારણ પણ પ્રાપ્ત કરે છે. તેમ જ નવા જીવનમાં ચાલવા હિંમત મેળવે છે.

પ્રાર્થના-આરાધનાની આવી અગત્યતા હોવાથી તે દરેકની વ્યક્તિગત થવી બહુ આવશ્ક છે. માથ્થી ૬:૬. તે સાથે કૌટુંબિક પ્રાર્થના પણ તેટલી જ જરૂરની છે. પ્રેરિ. ૧૦:૨,૩૦; વળી અમુક ટોળા-જુથબંધી પ્રાર્થના પણ ચોક્કસ અગત્યતા ધરાવે છે. માથ્થી ૧૮:૧૯-૨૦; ત્યારે સાર્વજનિક પ્રાર્થનાસભાનું મૂલ્ય પણ આંકી શકી નહિ. ૧ કરિંથી ૧૪:૧૪-૧૭.

આ સર્વ પ્રાર્થના-આરાધના માટે જે આવશ્યકતા જરૂરની છે તે જોવી-સમજવી અને અપનાવવી વિશેષ જરૂર અગત્યની છે. તે આ રહી.....

❖ શુદ્ધ-નિખાલસ હૃદયથી થવી જોઇએ-ગીત. ૬૬:૧૮-૧૯.

❖ વિશ્વાસ સહિતની પ્રાર્થના હોવી જોઇએ-યોહા. ૧૪:૧૩.

❖ ભોળપણ અને નિખાલસ મનથી થવી જોઇએ-માથ્થી ૬:૧૪.

❖ આડંબર-દેખાવ વગરની થવી જોઇએ-માથ્થી ૬:૫-૬.

❖ પૂરા સ્વાર્પણ અને નમ્રતાપૂર્વક થવી જોઇએ-લૂક ૧૮:૧૦-૧૪.

❖ આગ્રહ અને આતુરતાથી હોવી અને થવી જોઇએ-લૂક ૧૧:૫-૮.

આવી પ્રાર્થના આરાધના ક્યારે અને કેટલીવાર થવી ઘટે?

❖ દરરોજ પ્રાર્થના-વિનંતી કરવી જોઇએ ૧ થેસ્સા. ૫:૧૭.

❖ જ્યારે અને જે વખતે મદદની જરૂર પડે ત્યારે..હેબ્રી ૪:૧૬.

❖ દિવસમાં સાત વાર....ગીત. ૧૧૯-૧૬૪.

જેમ નાનાં બાળક પોતાનાં માતપિતાની સંગત ઇચ્છે છે, અને તેમની વાણી સાંભળે છે; તેમ જ પોતાની વાતો-વીગતો સતત રજૂ કરે છે; તેમ જ અને તેવો જ આપણો સંબંધ પણ પ્રભુ દેવ બાપ સાથે હોવો ઘટે........

માટે "સદા આનંદ કરો; નિત્ય પ્રાર્થના કરો; દરેક સંજોગોમાં ઉપકાર સ્તુતિ કરો; કેમ કે તમારા વિષે ખ્રિસ્ત ઇસુમાં દેવની મરજી એવી છે. આત્માને ન હોલવો; પ્રબોધને તુચ્છ ના ગણો; સઘળાંની પારખ કરો; જે સારું છે તે ગ્રહણ કરો. દરેક પ્રકારની દુષ્ટતાથી દૂર રહો." ૧ થેસ્સા. ૫:૧૬-૨૨; કેવું ઉત્તમ માર્ગદર્શન છે!

પરંતુ આવા પ્રકારનાં જીવન અન્યનાં સાથ અને સહકાર વગર જીવી શકાય નહિ. તેથી જ ખ્રિસ્તી જીવન અને મંડળીની સ્થાપનાના દિવસે જ, પ્રભુ પિતા પરમેશ્વરની પ્રેરણા અને દોરવણી પ્રમાણે સંત

પીતરે ઉત્તમ પાઠ અને શીખ આપ્યાં, કે "પસ્તાવો કરો, ખ્રિસ્ત ઈસુના નામે બાપ્તિસ્મા પામો....આ જમાનાનાં આડા લોકથી બચી જાઓ...તેમ જ પ્રેરિતોના બોધમાં...સંગતમાં, દેવની યાદગીરી માટે પ્રભુ ભોજનમાં..તથા પ્રાર્થનામાં દૃઢતાથી તેઓ લાગુ રહ્યાં....પ્રેરિ. ૨:૩૭-૪૨, આવો જીવન વ્યવહાર તે માનવીને આ જગતમાં સફળ અને સાર્થક બનાવે છે. દૈવી અનંત જીવનમાં વારસદાર અને હકદાર બનાવે છે. આખા કુટુંબ માટે એ આવશ્યક અને અનિવાર્ય છે.

# ૧૩. ખ્રિસ્ત ઇસુનું પુનરાગમન-માનવીની અંતિમ આશા

માનવી જીવનનું આયુષ્ય સિત્તેર વર્ષ; અથવા બળના કારણે એંશી વર્ષ થાય; તોપણ તેનો ગર્વ શ્રમ તથા દુઃખ માત્ર છે. તે પવન વેગે ઊડી જાય છે. ગીત. ૯૦:૧૦. જગતનું જીવન વ્યર્થ છે. વહેલું ઊઠવું અને મોડું સૂવું, તેમ જ કષ્ટ અને શ્રમ વેઠીને રોટલી ખાવી અને જીવવું તે પણ વ્યર્થ અને નિરર્થક છે. ગીત. ૧૨૭:૨.

ત્યારે માનવી જીવનની સફળતા અને કામયાબી શામાં અને ક્યાંથી-કેવી રીતે મળે?...માનવી જીવનનો આ ભગીરથ કોયડો, તેનો ઉકેલ કર્યો! અને કોણ ઉકેલી શકે! વળી આખા કુટુંબ-પરિવારનું શું!

આ સર્વ અતિશય મોટા અને મૂંઝવતા પ્રશ્નોનો, એકમાત્ર ઉકેલ તે આપણને યહોશુઆ શીખવે છે. "હું અને મારા ઘરનાં તો યહોવાની જ સેવા કરીશું." યહોશુ. ૨૪:૧૫.

આ જ નિર્ણય આપણો પણ હોય, એ જ કલ્યાણકારી છે. કારણ પ્રભુ દેવે માનવીને સમગ્ર સૃષ્ટિમાં સર્વશ્રેષ્ઠ અને ઉત્તમ બનાવ્યાં. પોતાનાં જ સ્વરૂપ અને પ્રતિમા આપીને માનવીને પોતાના જેવાં જ અને સોબતી બનાવ્યાં. વળી આવી સોબત-સંગત માટે પ્રભુ પરમેશ્વર તેમની દરરોજ મુલાકાત લેતો. એમ આ જગત માનવી જીવન માટે એદન એટલે આનંદવાડી બની રહ્યું. ત્યારે માનવીની નિષ્ઠા અને સંયમની ચોકસાઇ માટે એક જ માત્ર આજ્ઞા દેવે માનવીને આપી કે એદનવાડીના એક જ માત્ર ઝાડનું ફળ તેમણે ખાવું નહિ.

આ કસોટી એટલા માટે હતી કે તેના પાલન દ્વારા માનવીની નિષ્ઠા અને સ્વાર્પણ તેમ જ પ્રભુ પરમેશ્વર પ્રત્યેનો પ્રેમ પૂરવાર થાય. જીવનની વફાદારી-નિકટતા-નિષ્ઠા અને પ્રેમ તે કસોટી-પરીક્ષા વગર

ક્યાંથી જણાય? તેથી પરીક્ષાની જરૂર છે. વળી આવી પરીક્ષામાં પાર ઉતરવું તે વિશેષ અગત્યનું છે.

પરંતુ કાળાંતરે આદમ-હવા તેમની કસોટીમાં હારી-નાકામયાબ બન્યાં. એમ આજ્ઞા ભંગના પાપનો પ્રવેશ શરૂ થયો. તેથી દેવની સંનિધ્ધ અને સંગત-સોબતથી માનવી વેગળાં જઇ સંતાવા લાગ્યાં.....

તોપણ અતિ દયાળુ અને પ્રેમાળ પ્રભુ પરમેશ્વરે માનવીને તજી-તરછોડી દીધાં નહિ. બલકે, તેમને શોધી કાઢી તેમની નગ્નતા ઢાંકવા, હલવાન-ઘેટાંનું બલિદાન, અપર્ણ-વધ કરી, તેમનાં ચામડાનાં વસ્ત્રો બનાવી, આદમ-હવાને પહેરાવ્યાં, અને તેમની નગ્નતા અને શરમ ઢાંકી દીધી. ઉત્પ. ૩:૨૧. પરંતુ આ પાપના કારણે તેઓએ પોતાનું અમરત્વ ગુમાવી દીધું. ઉત્પ. ૩:૧૯. એમ માનવી પાપ અને પુણ્ય વચ્ચે ગોથાં ખાતું રહ્યું. તેમની વંશાવળી પણ પાપ અને પુણ્યતા બન્ને માર્ગે ચાલતી-ટહેલતી રહી. પરંતુ પ્રભુ દેવ જે અતિ દયાળુ, પ્રેમાળ અને કોપ કરવામાં ધીમો પણ કૃપા કરવામાં અતિ ઉતાવળો, તેણે માનવી બચાવ અને કલ્યાણની તબક્કાવાર યોજનાઓ આપી અને કરી તે આપણે પ્રકરણ ૫માં વાંચી-જોઇ ગયાં છીએ...

માનવ જાતના કલ્યાણ અને તારણ માટે પ્રભુ દેવ પરમેશ્વરની આ યોજનાઓ, દેવનો અગાધ પ્રેમ અને માનવી પ્રત્યેની સહાનુભુતિ દર્શાવે છે. માનવીએ પોતાની સારુ એ અપનાવી લઇ, તે દ્વારા પોતાના જીવનનું તારણ-કલ્યાણ સાધી લેવું એ તેના પોતાના પર અવલંબે છે. પ્રભુ દેવ તો આજે પણ પ્રત્યેક માનવીને પ્રેમથી બોલાવે છે. ઢંઢોળે છે. પ્રકટી. ૩:૨૦; ગી.ગી. ૫:૨; લૂક ૧૨:૩૬; સાચા અને અગાધ પ્રેમમાં હકુમતપણું કે ફરજનું દબાણ હોતું નથી. પ્રભુ ઇસુ ખ્રિસ્તની સંગતમાં રહેવું એ માનવજાતની પોતાની સમજદારી-ફરજ અને પોતાના જીવનના કલ્યાણના લાભની વાત છે.

માનવી જીવનના લાભ અને કલ્યાણ માટે જ પ્રભુઓના પ્રભુ પરમેશ્વરને માનવ અવતાર લેવા ફરજ પડી. તે માનવજાતનો ઈસુ એટલે પાપથી તારનાર બન્યો. માથ્થી ૧:૨૧. આ જગતમાં તેણે આવી-જન્મી, પોતાના જીવનનાં પ્રથમ ત્રીસ વર્ષ માનવજાત વચ્ચે અને કુટુંબમાં રહી-જીવી, માનવી જીવનનો આદર્શ-નિષ્પાપ નમૂનો જીવી બતાવ્યો, તે પછી તેના જીવનનાં છેલ્લાં ત્રાણ વર્ષ તેણે જાહેરમાં લોક સમૂહ વચ્ચે જીવન પવિત્રીકરણના ઉત્તામ પાઠ શિખવ્યાં. માનવજાતના કલ્યાણનાં પ્રત્યક્ષ કાર્યો અને ચમત્કારો કરી, જીવનની નવી દૃષ્ટિ ઉઘાડી. વિશેષમાં માનવી જીવનના તારણ-ઉદ્ધાર માટે તેણે પોતાના જીવનનું બલિદાન વધસ્થંભ પર જડાઈ-વિંધાઈ આપ્યું અને માનવીનાં પાપની ખંડણી ચૂકવી આપી....તે દટાયો; પણ ભૂમિ-કબર તેને દેવને દબાવી-દાટી રાખી શકી નહિ. તે ત્રીજે દિવસે પાછો જીવીત થઈને ઊઠ્યો. અનેક માનવીઓને તેના પ્રત્યક્ષ જીવીતપણાની ખાત્રી, દર્શન-મેળાપ, વાતચીત અને વ્યવહાર દ્વારા, એવા ચાળીસ દિવસ સુધી કરી બતાવી.

ચાળીસમાં દિવસે શિષ્યો-સંબંધીઓના સહુના દેખતાં તે આકાશમાં ચઢી ગયો. આકાશના દૂતોએ આવીને તેની ખાત્રી કરાવી તેમ જ તેના પુનરાગમનની નવી આશા જગાડી. પ્રેરિ. ૧:૯-૧૧.

આ પ્રભુ ઈસુના પુનરાગમનની આશાએ શિષ્યોમાં નવી ધગશ, નવી મક્કમતા અને ખ્રિસ્ત ઈસુના જીવનનું અનુકરણ કરવા-તેના શિખવ્યા પ્રમાણે વ્યવહાર કરવા; તેમ જ તેના આગમનની વાટ જોવા જાગૃત અને સાવધ બનાવ્યાં.

આજે પણ દેવનો એ જ પ્રેમ, પ્રત્યેક માનવી માત્રને ફરજ પાડે છે. પ્રેરણા આપે છે.

પ્રભુ ઈસુ ખ્રિસ્ત માનવી જીવનનો પ્રભુ અને ઉદ્ધારક બન્યો છે. ત્યારે તેને હાકેમ-હકુમતવાળાં, કે રંક તવંગર,-રૂપરંગવાળાં કે કદરૂપાની તરફદારી જોઈતી કે કરવી નથી. તેને તો સાચાં અને પ્રત્યક્ષ ખ્રિસ્તી જીવન-જે દરરોજ અને પ્રતિપળ ખ્રિસ્ત ઈસુના આદર્શ

અને તેના ઉપદેશ તેમ જ નમૂના પ્રમાણે જીવનારાં હોય, તેમનો ખપ છે.

. વળી તેમને જ પોતાની સાથે લઈ જવા ખ્રિસ્ત ઈસુ પાછો આવનાર છે. ખ્રિસ્તીઓને સજાગ રાખવા અને બીજાઓને જગાડવા, પ્રભુ ઈસુના પુનરાગમનના ઉલ્લેખ, બાઈબલના માત્ર 'નવાકરાર' માં ૩૧૮ વાર કરવામાં આવ્યો છે.

ત્યારે આપણે ખ્રિસ્ત ઈસુનાં અનુયાયીઓ અને ખ્રિસ્તી જીવન જીવનારાં, પ્રતિદિન અને પ્રતિપળ એ જ આશામાં જીવતાં અને આતુરતાથી તેની વાટ જોતાં રટણ રટ્યા કરી કે "હે પ્રભુ ઈસુ તું વહેલો આવ." પ્રકટી. ૨૨:૧૭.

આ પ્રભુ ઈસુ ખ્રિસ્તના પુનરાગમન માટે કોઈપણ સમય-દિવસ-માસ કે વર્ષ ઠરાવાયાં નથી. વળી આ સમય આકાશના દૂતો પણ જાણતા નથી. પરંતુ સમયની સંપૂર્ણતા પ્રમાણે પ્રભુ ઈસુનું પુનરાગમન થશે જ. આ આગમન વેળાએ જેઓ પ્રભુમય જીવન જીવતાં તેનામાં મૂએલાં છે, તેઓ પ્રથમ જીવતાં થઈ ઊઠશે, તે પછી આ સમય સુધી જીવતાં રહેનારાં તેઓ સર્વ મળી પ્રભુ ઈસુ સાથે આકાશમાં તણાઈ જઈશું. સ્વર્ગીય-પરમ સુખ ધામમાં ઊડી જઈશું. કેવો આનંદ!

વળી જગતના મંડાણથી માંડી પૂરાતન કાળનાં સર્વ પ્રભુના સેવકો-સંતો, પ્રબોધકો-ભવિષ્યવાદીઓ અને પ્રરિતોનો ત્યાં સાથ-સંઘાત અને મેળાપ થશે. પ્રભુ ઈસુ પોતે અને અગણિત દૂતો ત્યાં મળશે. ત્યારે કેવા અકથ્ય-અવર્ણનિય આનંદ થશે. વળી ત્યાં કદી ભૂખ-તરસ-થાક કદી લાગશે જ નહિ. પ્રકટી. ૭:૧૬. વળી ત્યાં રાત પડશે જ નહિ. પ્રકટી. ૨૧:૧૫.

જૂના અને નવા દેવના સંતો, સેવકો, સેવિકાઓનો ત્યાં મેળાપ-ભેટો થશે. તેમને રૂબરૂ જોઈ-મળી-વાતો કરીશું, ત્યારે કેવો અવર્ણનિય-અકથ્ય આનંદ-હર્ષ થશે......

જ્યારે સર્વ અધર્મીઓ અને ખ્રિસ્ત ઈસુના માર્ગે નહિ ચાલનારાં સર્વ નાનાં-મોટાં, રંક-તવંગર, રાજા-મહારથીઓ, તેઓ સર્વ નર્કાગ્નિની ખાઈમાં નંખાશે-જયાં સર્વકાળ સુધી રડવું-દાંત પીસવું થશે. પ્રકટી. ૨૦:૧૦,૧૫.

આ પૃથ્વી પરનાં સર્વ અને પ્રત્યેક માનવીને અનંતજીવન પ્રાપ્ત થનાર છે. તે સ્વર્ગીય કે નર્કાગ્નિવાળું હશે. ત્યારે તમે કેવું જીવન અને ક્યાં મેળવશો!

ખ્રિસ્ત ઈસુની સંઘાતે અને સાથે જીવેલાંને જ સ્વર્ગીય જીવન અને સ્થાન પ્રાપ્ત થશે..... ત્યારે તમે ક્યું અને કેવું જીવન પસંદ કરશો? જો ખ્રિસ્ત ઈસુની સંઘાતનું તો તેના પગલે-પગલે ચાલો, તેમ જ અનુસરો અને તેની જ વાણી સાંભળો. આ માનવી જીવન એક જ વાર પ્રાપ્ત થાય છે. તેને વેડફી દેશો નહિ. થોડાક આનંદ-પ્રમોદ માટે પાપ કરી, અનંતકાળિક પીડા નહોતરશો નહિ.....જુઓ, ઈસુ તમને બોલાવે છે. તેની વાણી સાંભળો. તેનો સાદ ઓળખો. યોહા. ૧૦:૩.

"તો આપણી આસપાસ શાહેદોની એટલી મોટી વાદળારૂપ ભીડ છે. માટે આપણે પણ દરેક જાતનો બોજો તથા વળગી રહેનાર પાપ નાખી દઈએ, અને આપણે સારુ ઠરાવેલી શરતમાં ધીરજથી દોડીએ. આપણે આપણા વિશ્વાસના અગ્રેસર તથા તેને સંપૂર્ણ કરનાર ઈસુની તરફ લક્ષ રાખીએ........હેબ્રી ૧૨:૧-૨. આ આખો અધ્યાય તે માનવી જીવનને નવું દર્શન, પ્રેરણા અને વળાંક આપે છે. તે ગ્રહણ કરીએ.....ત્યારે હવે, મારાં માતા પિતા, ભાઈઓ, બહેનો અને સર્વ સગાં સંબંધી, હું અને મારા ઘરનાં સર્વ, સઘળાં મિત્ર મંડળ, સહધર્મીઓ, તેમ જ આ પુસ્તિકાનાં વાંચકો-ચાહકો બધાં, પ્રભુ ઈસુ ખ્રિસ્તના પુનરાગમનની વાટ જોતાં પોતાને સજ્જ અને તૈયાર રાખીએ જેથી પ્રભુ ઈસુ ખ્રિસ્તના આગમન અને દૂતોનાં રણશિંગડાના અવાજ સાથે જ આંખના પલકારામાં સહુ સાથે ઊડીએ અને કિલ્લોલ કરીએ; એ આશા-પ્રાર્થના અને વિશ્વાસમાં વીરમું છું. આવજો...જો જો રહી ના જવાય.....આમેન.

# ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના અન્ય પ્રકાશનો

| ક્રમ | પુસ્તકનું નામ | રકમ |
|---|---|---|
| ૧ | પ્રેષિતોના કાર્યો દ્વારા મળતો સંદેશ | ૮૦-૦૦ |
| ૨ | માર્કનો સંદેશ | ૫૦-૦૦ |
| ૩ | ગિરિપ્રવચનનો સંદેશ | ૪૦-૦૦ |
| ૪ | કરિંથવાસીઓને લખેલા પહેલા પત્રનો સંદેશ | ૪૦-૦૦ |
| ૫ | "અયૂબ" | ૬૦-૦૦ |
| ૬ | રૂથનો સંદેશ | ૨૫-૦૦ |
| ૭ | વિશ્વવ્યાપી જળપ્રલય | ૧૫-૦૦ |
| ૮ | તમારા સંજોગોના સંચાલક | ૨૫-૦૦ |
| ૯ | ખાલી કબરનો ચુકાદો | ૨૦-૦૦ |
| ૧૦ | માણસના મૃત્યુ પછી તેના શરીર અને આત્માનું શું થાય છે? | ૩૦-૦૦ |
| ૧૧ | વધામણીની વાતો | ૧૦-૦૦ |
| ૧૨ | નાતાલની વાતો | ૧૦-૦૦ |
| ૧૩ | બારાબ્બાસ | ૩૦-૦૦ |
| ૧૪ | ઝબકાર અને ઝાંખી | ૨૦-૦૦ |
| ૧૫ | પ્રબોધકો અને તેના કાર્યો | ૨૦-૦૦ |
| ૧૬ | રેવ. થોમાભાઇ પાથાભાઇ | ૧૦-૦૦ |
| ૧૭ | આત્મામાં સ્વપ્નો અને સંદર્શનો | ૧૫-૦૦ |
| ૧૮ | બેન-હર | ૨૦-૦૦ |
| ૧૯ | કૌટુંબિક વેદી | ૧૦-૦૦ |
| ૨૦ | પુલ્પિટ હેલ્પસ ભાગ-૨. | ૩૦-૦૦ |
| ૨૧ | પુલ્પિટ હેલ્પસ ભાગ-૩. | ૩૦-૦૦ |
| ૨૨ | વિશ્વાસ માર્ગદર્શિકા | ૨૫-૦૦ |
| ૨૩ | વધસ્તંભના સપ્તવચન | ૧૫-૦૦ |
| ૨૪ | ફબીઓલા | ૩૫-૦૦ |
| ૨૫ | વધસ્તંભ અને ચપ્પુ | ૩૫-૦૦ |
| ૨૬ | વહાલાં પંખીડા | ૧૫-૦૦ |
| ૨૭ | ચિરાયેલો પડદો | ૨૦-૦૦ |
| ૨૮ | નિર્મળા | |
| ૨૯ | યોનેકો | |
| ૩૦ | અનેક માની આંસુભરી પ્રાર્થનાના પરિણામ | |

3BGM2

મુદ્રક : સ્ક્રીનડોટ પ્રિન્ટર્સ, અમદાવાદ - ૧. ફોન : ૫૬૨૩૯૬૧